સુવિચાર
''વિધિની વક્રતા એ છે કે, આપણે ત્યાં મોટાભાગનાં ઘરોમાં જેટલા પુસ્તકો નથી હોતા, એના કરતા અનેક ગણા બૂટ-ચપ્પલ હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૪/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૮ વર્ષ : ૧૭ અંક : ૧૧૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## હરિફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પાસે સંગઠનનો અભાવ હોવાથી

# અમરેલી જિલ્લામાં સ્થાનિક ચૂંટણીમાં ભાજપ મજબુત સ્થિતિમાં

**કોંગ્રેસ પાર્ટી પાલિકા વિસ્તારમાં પુરતા પ્રમાણમાં ઉમેદવાર પણ શોધી શકી નથી**

**જયારે આમ આદમી પાર્ટી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પણ તમામ ઉમેદવારો શોધવામાં નિષ્ફળ**

**ભાજપ પાસે સંગઠન, સત્તા અને આર્થિક તાકત હોવાથી હરિફ પક્ષો કરતાં આગળ જોવા મળે છે**

**જો જિલ્લાનાં મતદારો હરિફ પક્ષો તરફી મતદાન કરે તો જ ''કોંગ્રેસ'' અને ''આપ''ને સફળતા મળે તેમ છે**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા જ રાજકીય સમીકરણો સ્પષ્ટ થવા લાગ્યા છે. હાલ જિલ્લામાં આવેલી ૬ નગરપાલિકાની કુલ ૧૮૪ બેઠકો માટે ૪૬૧ ઉમેદવારો મેદાનમાં છે, જેમાંથી ૧૦ બેઠકો બિનહરીફ જાહેર થઈ ચૂકી છે. હાલ ૧૭૪ બેઠકો માટે ચૂંટણીઓ યોજાઈ રહી છે. પરંતુ આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચાનો વિષય કોંગ્રેસ પક્ષની નબળી સ્થિતિ બની છે, જયાં ઘણા વિસ્તારોમાં ઉમેદવારોના અભાવ અને ફોર્મ પરત ખેંચવાના બનાવો સામે આવ્યા છે.

અમરેલી જિલ્લાની મોટાભાગની પાલિકાઓમાં કોંગ્રેસને પૂરતા ઉમેદવારો મળ્યા નથી. કેટલાક સ્થળોએ ટિકિટ મળ્યા પછી પણ કોંગ્રેસના ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા છે. જેના કારણે ભાજપને સીધો લાભ મળ્યો છે. આ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસ.ટી. ડ્રાઈવરે ફોન કરી ધમકી ઉચ્ચારી

# બગસરા એસ.ટી. ડેપોનાં મેનેજર સહિત ૨ કર્મચારીઓને ધમકી : ફરિયાદ

**સુરત રૂટમાં ફરજ સોંપાતા માથાકુટ થઈ**

અમરેલી, તા. ૨૩

બગસરા એસ.ટી.ડેપો કવાર્ટરમાં રહેતાં અને એસ.ટી.ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતાં નિમીષાબેન સમરથદાન ગઢવીએ બગસરા એસ.ટી. ડેપોમાં એસ.ટી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા આરોપી રામકુભાઈ બાબુભાઈ વાળાને સુરત રૂટની બસમાં ડ્રાઈવર તરીકે એસ.ટી. બસ લઈ જવાની નોકરી આપેલ હતી. જેથી આરોપીએ ડેપો મેનેજરને કરેલ કે, મારે સુરત જવાનું ના હોય, તમે મને ઓળખો છો ? તેમ કહી મહિલા ડેપો મેનેજર સાથે ઉગ્રતાભર્યુ વર્તન કરેલ હતું. અને આરોપી સુરત નોકરીમાં ગયેલ નહી. અને આરોપી નોકરીમાં ગેરહાજર રહેલ હતાં.

ત્યાર બાદ ગત તા. ૨૩/૩ ના રોજ આરોપી ફરી એક વખત ઓફીસમાં આવી મહિલા ડેપો મેનેજરને કહેલ કે, આ મારો હાજર રીપોર્ટ છે. અને આવતીકાલથી મારી લોકલ રૂટમાં નોકરી લખજો, જેથી મહિલા ડેપો મેનેજરે આરોપીને કહેલ કે, તમારે સુરત જવાનું છે. જેથી તેણે કહેલ કે મારે સુરત જવાનું ના હોય, તેમ કહી આરોપી

અનુસંધાન પાના ૬ ઉપર

## મધ્યપ્રદેશથી આવીને ખેતીકાર્ય કરતો યુવક આક્રમક બની ગયો

# વડિયાનાં બરવાળા બાવીશી ગામ નજીક ટ્રેક્ટર બેફામ ચલાવવાની ના પાડતા વાડી માલિકની શ્રમિકે કરી હત્યા

**લોખંડનો પાઈપ અને પથ્થર મારી હત્યા કરી શ્રમિક બાઈકની લૂંટ ચલાવી નાસી છુટયો**



અમરેલી, તા. ૨૩

વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામ નજીક એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં વાડી માલિકે પોતાના ખેતમજૂરને રીલ બનાવવા અને બેફામ ટ્રેક્ટર ચલાવવાના મુદે ઠપકો આપેલ હતો. તે વાતનું મનદુઃખ રાખી

અનુસંધાન પાના ૬ ઉપર

## વડિયાનાં બરવાળા બાવીશી ગામે

# લૂંટ સાથે હત્યા કરનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં ઝડપી લીધો

**વધુ તપાસ સ્થાનિક પોલીસ દ્વારા શરૂ કરાઈ**

અમરેલી, તા. ૨૩

વડીયા તાલુકાના બરવાળા બાવીશી ગામે રહેતાં કર્ણદેવભાઈ અશોકભાઈ વાળાએ પોતાની વાડીએ રાત્રીના સમયે ગયેલ ત્યારે પોતાની વાડીનો મજુર રવિ જેમાભાઈ કરોલીયા આ કર્ણદેવભાઈનું ટ્રેકટર ખેતરમાં જેમ ફાવે તેમ કુદાવી ચલાવતો હોય અને

અનુસંધાન પાના ૬ ઉપર



આયુરગ્લો
Herbal Ubtan Powder
કુદરતી સૌંદર્ય મેળવવાનો સાચો રસ્તો
(Chandana, Taruni, Musta, Manjistha, Lodhra, Neema, Multani Mitti, Lakadong Haridra, Aguru Essence)
HERBAL UBTAN POWDER
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઇન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,38,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી ડો. સંદીપ ખેની, હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Co - Ordinator - 4
• Reporting Manager - 1
• Sales & Marketing Officer - 3
• Senior Account - 1
• Liaisoning Officer - 1
• Data Entry Operator - 2
• Cashier - 2
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન, તા. ૨૪/૦૪/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૪ થી ૬
ડો. કલ્પેશ બજાણિયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન, મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત, તા. ૨૫/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

# મોટા આંકડીયા જિલ્લા પંચાયત બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમારનાં સમર્થનમાં વિશાળ બાઈક રેલી યોજાઈ અને મહિલા શકિત પ્રચાર મેદાનમાં ઉતરતાં હરિફ ઉમેદવારોમાં સન્નાટો




અમરેલી જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમાર તેમજ તાબાની તાલુકા પંચાયતની તમામ બેઠકનાં ઉમેદવારોનાં પ્રચાર અર્થે આજે મહિલા શકિત મેદાનમાં આવી હતી. અને ડોર ટુ ડોર પ્રચાર કરીને ભાજપ ન રહી મતદાન કરવા અનુરોધ કર્યો હતો. તો એક વિશાલ બાઈક રેલીનું પણ આયોજન ભાજપનાં ઉમેદવારો દ્વારા કરવામાં આવેલ. સમગ્ર પંથકમાં કેસરીયો માહોલ છવાયો છે. અને હરિફ ઉમેદવારોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે.

### પાલિકાની ચૂંટણીનું પ્રચાર કાર્ય અંતિમ તબક્કામાં

## અમરેલીના વોર્ડ નં. ૧૦માં કોંગી ઉમેદવાર સંદિપ ધાનાણીની પેનલને જબરદસ્ત સમર્થન

### શહેરને સુંદર બનાવવાની ખાત્રી આપતા કોંગી ઉમેદવારો



અમરેલી, તા.૨૩

અમરેલી પાલિકાની સામાન્ય ચુંટણીનો જંગ ચરમસીમાએ પહોંચી ગયો છે. આજે વોર્ડ નં.૧૦ માં કોંગ્રેસના ઉમેદવાર સંદિપ ધાનાણીની પેનલના ઉમેદવારોની ચુંટણી સભા યોજાઈ હતી. જેમાં વિશાળ જનમેદની એકત્ર થઈ હતી.

આ તકે કોંગ્રી ઉમેદવારોએ શહેરમાં નિયમિત પાણી વિતરણ કરવા, રખડતા પશુઓની સમસ્યા દુર કરવા, ભુગર્ભગટર, બિસ્માર માર્ગો, બંધ સ્ટ્રીટ લાઈટ સહિતની સમસ્યાનું નિરાકરણ કરવાની ખાત્રી આપી હતી.

### પેન્શનરો નજીકની પોસ્ટ ઓફીસમાં ૧લી મેથી હયાતી કરાવી શકશે



અમરેલી, તા. ૨૩

ગુજરાત સરકાર પેન્શરોની સુખાકારી માટે પ્રતિબદ્ધ છે. પેન્શરોએ દર વર્ષે હયાતી કરવાની રહે છે. પેન્શનરોની સુવિધા માટે ડિજિટલ હયાતીની પહેલ શરૂ કરવામાં આવી છે. પેન્શરો પોતાના ઘર આંગણે નજીકની પોસ્ટ ઓફિસમાં હયાતી કરાવી શકશે. તા. ૧ મે, ૨૦૨૬થી પેન્શનરો આ સુવિધાનો લાભ લઈ શકે છે. પેન્શરોને આ સુવિધાનો લાભ લેવા જિલ્લા તિજોરી કચેરી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

### ૨૧ એપ્રિલનાં રાત્રિનાં ૧૦ થી ૨૨ એપ્રિલની રાત્રિ વચ્ચે

## રાજુલાનાં કોટડી ગામે આધેડનાં રહેણાંક મકાનમાંથી ૮૫ હજારનાં સોના-ચાદીનાં દાગીનાની ચોરી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૩

રાજુલા તાલુકાના કોટડી ગામે આવેલ સમુહ ખેતી રોડ ઉપર રહેતાં કરશનભાઈ પુનાભાઈ સાંખટ નામનાં ૪૩ વર્ષીય આધેડના ઘરે કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા.૨૧ના રાત્રીના દસ વાગ્યાથી તા.૨૨ના રાત્રીના પોણા બે વાગ્યા દરમ્યાન આધેડના મકાનની દીવાલ કુદી અને રૂમને તાળુ મારેલ હતુ. તેનો નકુચો તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ લોખંડની પેટીમાં તાળુ મારેલ હતુ તેનો પણ નકુચો તોડી પેટીમાં રાખેલ શુટકેસમાં રાખેલ સોના ચાંદીના ઘરેણા તથા રોકડ રૂપીયા જેમા સોનાની વીટી નંગ–૧ જેનુ વજન ૧.૫૭૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૬૦૦૦ તથા સોનાનો કરડો નંગ–૧ જેનું વજન ૧.૧૪૦ ગ્રામ જેની આશરે કિમત રૂા. ૭૦૦૦ તથા સોનાની લેડીઝ વીંટી નંગ–૧ જેનું વજન ૧.૮૦૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૯૦૦૦ તથા સોનાના દાણા નંગ–૨ જેનું વજન ૦.૫૫૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૩૦૦૦ તથા ચુડલીમાં લગાવેલ સોનાની છીપ નંગ–૨ જેનૂં વજન ૩.૫૨૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૧૨,૦૦૦ તથા સોનાનો બીજ પારો જેનું વજન ૨.૪૩૦ ગ્રામ જેની કિંમત આશરે કિંમત રૂપિયા ૭૦૦૦ તથા સોનાની સેલ કડી નંગ–૨ જેનુ વજન ૦.૬૫૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૩૦૦૦ તથા સોનાની માદરડી નંગ–૧ જેનુ વજન ૧.૭૬૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૯૦૦૦ તથા સોનાની કડી નંગ–૧ જેનું વજન ૦.૨૫૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૧૫૦૦ તથા સોનાની બુટી નંગ–૨ જેનું વજન આશરે ૩ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૬૦૦૦ તથા સોનાની સર નંગ–૨ જેનું વજન આશરે ૩ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૬૦૦૦ તથા ચાંદીના ઘરેણાઓમાં જુડો નંગ–૧ તથા પગમાં પહેરવાની કાંબીયુ નંગ–૨ તથા લકી નંગ–૪ તથા બોરીયા નંગ–૮ તથા હાથના પહોંચા નંગ–૨ તથા માથાની પીન નંગ–૨ તથા સડા નંગ–૮ એ તમામ ચાંદીના દાગીનાના જે તમામ ચાંદીના દાગીનાઓનું વજન આશરે ૫૦૦ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૧૦,૫૦૦ તથા રોકડ રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦ના સોના ચાંદીના ઘરેણા કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.





"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે, ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફ્સ મોકલવા.
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિવિલિયા રોડ, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662













### અમરેલી તાલુકા પંચાયતની ચિતલ, જશવંતગઢ, મોણપુર અને શેડુભાર બેઠકમાં

# અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠકનાં આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર રેખાબેન અશોકભાઈ માંગરોળીયાને પ્રચંડ સમર્થન

### તાલુકા પંચાયતનાં ''આપ''નાં ઉમેદવારો કાજલબેન ભાવેશભાઈ સાકરીયા, પરેશસિંહ ભરતસિંહ પલવાર, કાળુભાઈ ભાદાભાઈ ધાનાણી અને જીજ્ઞેશભાઈ મગનભાઈ ગજેરા સહિતનાં તમામ ઉમેદવારોને પણ જબ્બરો આવકાર






અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠકનાં ''આમ આદમી પાર્ટી''નાં ઉમેદવાર રેખાબેન અશોકભાઈ માંગરોળીયા તેમજ અમરેલી તાલુકા પંચાયતની ચિતલ બેઠકનાં ઉમેદવાર પરેશસિંહ પલવાર, જશવંતગઢ બેઠકનાં ઉમેદવાર ભાવેશભાઈ સાકરીયા, મોણપુર બેઠકનાં ઉમેદવાર કાળુભાઈ ધાનાણી અને શેડુભાર બેઠકનાં ઉમેદવાર જીજ્ઞેશભાઈ ગજેરાને પ્રચાર દરમિયાન ગામે-ગામ તમામ ઉમેદવારોને ફુલડે વધાવવામાં આવી રહ્યા છે અને સમગ્ર બેઠક ઉપર પુનરાવર્તનને બદલે પરિવર્તનનો માહોલ જામી રહ્યો છે. યુવાનો, મહિલાઓ, ખેડૂતો, વેપારીઓ સહિત સૌ આમ આદમી પાર્ટી તરફ મતદાન કરવા ઉત્સાહિત બન્યા છે. કાળઝાળ મોંઘવારી, બેરોજગારી, ખેતી લગત પ્રશ્નો, બિસ્માર માર્ગો, સિંચાઈ, વીજળી, ગંદકી સહિતનાં અનેક પ્રશ્નોનું નિરાકરણ થયું ન હોય મતદારોમાં ''આમ આદમી પાર્ટી'' ઉપર વિશ્વાસ વધી રહ્યો છે અને હરિફ પક્ષોને મતદારોનાં વેધક પ્રશ્નોનો જવાબ આપવો મુશ્કેલ બની રહ્યો છે.

### ઘઉંની બોરીની થપ્પી નીચે પડતા ઈજાગ્રસ્ત થયા બાદ

## અમરેલીનાં નવા ખીજડીયાનાં આધેડનું સારવાર દરમિયાન મોત : માહિતી છુપાવાઈ

### મૃતકનાં પરિવારજનોએ પોસ્ટમોર્ટ ન કરાવતા ફરિયાદ

અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકા નવા ખીજડીયા ગામે રહેતાં જયંતિભાઈ જીવરાજભાઈ ભેસાણીયા નામનાં ૪૨ વર્ષીય આધેડ ગત તા. ૭/૯/૨૪ના રોજ અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ નવા માર્કેટીંગ યાર્ડ ખાતે ઘઉંની બોરીઓમાંથી ઘઉં ખાલી કરવાની મજુરી કામ કરતા હતા તે દરમિયાન ઉપરથી ઘઉં ભરેલ થેલીઓની થપ્પી લસરીને પડતા જયંતીભાઈ તે ઘઉંની થેલીઓની નીચે દબાઈ જતા ગુગળામણ થયેલ હતી. જેથી તેઓને પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ હતાં અને વધુ સારવાર માટે રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ હતાં જયાં તેઓની સારવાર ગત તા. ૧૬/૯/૨૪ સુધી ચાલેલ હતી.

બાદ તેઓને અમરેલીના નેત્ર ચિકીત્સા ટ્રસ્ટ, રાધીકા હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ હતાં. જેઓ ગત તા. ૧૭/૯/૨૪ના રોજ સારવાર દરમ્યાન જયંતિભાઈ મરણ ગયેલ હતા. આ મરણ જનારના સબંધીઓએ મરણ જનારનુ પોસ્ટ મોર્ટમ કરાવેલ ન હોય અને નવા ખીજડીયા ગામે રહેતાં આરોપી મેહુલભાઈ જયંતીભાઈ ભેસાણીયાએ લાશનું પી.એમ. કરાવવા બંધાયેલ હોવા છતાં પી.એમ. નહી કરાવી ભોગ બનનારની લાશની અંતિમવિધિ કરી નાખેલ હતી અને મરણ જનારનાં મરણ અંગે રાજય સેવક સમક્ષ માહિતી જાહેર નહિ કરી અન્ય આરોપીએ રાજય સેવક સમક્ષ મરણ જનારની મરણ અંગે માહિતી છુપાવી જાહેર ન કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241






લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- ; હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/-
PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪
















### ઈરાનની સરકારમાં અંદરોઅંદર જ મતભેદ છેઃ અમેરિકાનો દાવો

# ગુજરાત-મહારાષ્ટ્રની વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન પરિપૂર્ણ

## મહારાષ્ટ્રની બે મહત્ત્વની બેઠકો રાહુરી (૨૨૩) બેઠક પર ૫૦.૬૮% અને બારામતી (૨૦૧) બેઠક પર ૫૨.૪૪% જેટલું અંદાજિત મતદાન થયું છે

નવી દિલ્હી, તા.૨૩

ગુજરાતની એક અને મહારાષ્ટ્રની બે બેઠકો માટે આજે(૨૩મી એપ્રિલ) યોજાયેલી પેટાચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. વહેલી સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અગાઉના ધારાસભ્યના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું છે. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલ્યું હતું. ત્યારે વિધાનસભાની પેટાચૂંટણીમાં સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીના મતદાનના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાતની ઉમરેઠ (૧૧૧) બેઠક પર ૫ વાગ્યા સુધીમાં ૫૪.૪૩% મતદાન નોંધાયું છે. બીજી તરફ, મહારાષ્ટ્રની બે મહત્ત્વની બેઠકો પર પણ મધ્યમ મતદાન જોવા મળ્યું છે, જેમાં રાહુરી (૨૨૩) બેઠક પર ૫૦.૬૮% અને બારામતી (૨૦૧) બેઠક પર ૫૨.૪૪% જેટલું અંદાજિત મતદાન થયું છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા આ આંકડાઓ પ્રાથમિક છે અને આખરી આંકડાઓમાં થોડો ફેરફાર થઈ શકે છે.ઉમરેઠ વિધાનસભા બેઠક પર યોજાઈ રહેલી પેટા ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા અત્યંત વેગવંતી બની છે. બપોરે ૧ વાગ્યા બાદ મતદાનની ટકાવારીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા મુજબ, બપોરે ૩:૦૦ વાગ્યા સુધીમાં ઉમરેઠમાં કુલ ૪૬.૬૬% મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા બપોરે ૧:૦૦ વાગ્યા સુધીના ટ્રેન્ડ્સ મુજબ, ઉમરેઠ બેઠક પર મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બપોરે ૧:૦૦ વાગ્યા સુધીના ૩૭.૧૪ % મતદાન થયું હતું. ચૂંટણી પંચના સવારના ૧૧:૦૦ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ, ઉમરેઠ બેઠક પર નોંધપાત્ર મતદાન જોવા મળ્યું છે. સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં ૨૫.૬૫ ટકા મતદાન થયું છે. જ્યારે ૯ વાગ્યા સુધીમાં ૧૦ ટકા મતદાન થયું હતું.આ પેટા ચૂંટણીમાં કુલ ૨,૪૫,૦૦૦થી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને યુવા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેમાં ૪,૧૭૪ યુવાઓ પ્રથમ વખત મતદાન કરી લોકશાહીના પર્વમાં ભાગીદાર બન્યા છે. આ ઉપરાંત ૧,૬૪૪ જેટલા વરિષ્ઠ નાગરિકો પણ મતદાન કરવા પહોંચ્યા હતા.

ઉમરેઠ બેઠક પર કુલ ૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, પરંતુ મુખ્ય મુકાબલો ભાજપના ઉમેદવાર હર્ષદ પરમાર અને કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણ વચ્ચે માનવામાં આવી રહ્યો છે. બંને પક્ષોએ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું, ત્યારે હવે જનતા કોના પર કળશ ઢોળશે તે જોવું રસપ્રદ રહેશે. ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને શાંતિપૂર્ણ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ૩૦૬ પોલિંગ સ્ટેશનો તૈયાર કરવામાં આવ્યા છે. સુરક્ષાની દૃષ્ટિએ ૨ DYSP, 4 PI અને આશરે ૫૦૦ પોલીસ અને હોમગાર્ડના જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા. સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે CRPFની ૩ કંપનીઓ પણ સતત પેટ્રોલિંગ કરી રહી હતી. નોંધનીય છે કે, આજે મતદાન પૂર્ણ થયા બાદ આગામી ચોથી મેના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને તે જ દિવસે સ્પષ્ટ થશે કે ઉમરેઠની જનતાએ કોને પોતાના નવા પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા છે.

### જીવ બચાવવા નેતાજીએ ભાગવું પડ્યું

# ભાજપ નેતાને ટોળાએ દોડાવી-દોડાવીને માર્યા

## કુમારગંજમાં ભાજપના ઉમેદવાર શુભેન્દુ સરકાર પર ટોળાએ હુમલો કર્યો, જીવ બચાવવા માટે ભાગવું પડ્યું

કોલકાતા, તા.૨૩

પશ્ચિમ બંગાળમાં ગુરૂવારે પ્રથમ તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું, એવામાં અનેક ઠેકાણેથી હિંસા અને મારામારીના સમાચાર સામે આવ્યા છે. મુર્શિદાબાદમાં TMC અને હુમાયું કબીરની વચ્ચે ઝપાઝપી થયાનો મામલો હજુ શાંત નથી થયો, ત્યાં હવે કુમારગંજમાં ભાજપના ઉમેદવાર પર હુમલાના સમાચાર સામે આવ્યા છે.

દક્ષિણ દિનાજપુર જિલ્લાના કુમારગંજમાં ભાજપના ઉમેદવાર શુભેન્દુ સરકાર પર ટોળાએ હુમલો કર્યો હતો. જેના કારણે તેઓએ જીવ બચાવવા માટે ભાગવું પડ્યું હતું.

આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં પોલીસનો એક જવાન ભાજપ ઉમેદવારને બચાવતા અને ઘટનાસ્થળેથી દૂર લઈ જતા દેખાય છે. જ્યારે પોલીસની હાજરીમાં જ કેટલાક લોકો ભાજપના ઉમેદવારને થપ્પડ અને મુક્કા મારતા દેખાય છે.આ ઘટના વિશે કુમારગંજના ભાજપના ઉમેદવાર શુભેન્દુ સરકારનું કહેવું છે કે, "કુમારગંજ વિધાનસભા ક્ષેત્રમાં ૮-૧૦ પોલિંગ સ્ટેશનો પરથી અમારા પોલિંગ એજન્ટોને જબરદસ્તી હટાવી દેવામાં આવ્યા હતા. મેં વ્યક્તિગત રીતે દખલગીરી કરી અને કહ્યું કે અમારા પોલિંગ એજન્ટોને અંદર જવા દેવામાં આવે. જ્યાં હું ત્યાં પહોંચ્યો ત્યારે TMCના કાર્યકર્તાઓએ મારા પર હુમલો કરી દીધો." ભાજપ ઉમેદવાર શુભેન્દુ સરકારનો દાવો છે કે, TMC કાર્યકર્તાઓએ તેમના પર હુમલો કર્યો, જેનાથી તેઓને ઈજાઓ થઈ અને તેમની ગાડીમાં તોડફોડ કરવામાં આવી. ચૂંટણી પંચે આ હુમલાખોરની તરત જ ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ આ અંગે રિપોર્ટ પણ માંગ્યો છે.

### ઓનલાઈન સિસ્ટમ નવી અરજીઓ સ્વીકારી રહી નથી

# દેશમાં નવા LPG કનેક્શન આપવામાં આવશે નહીં

## મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ અને તેના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાના કારણે દેશભરમાં LPG પુરવઠાને ગંભીર અસર

નવી દિલ્હી, તા.૨૩

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે દેશ LPG સંકટનો સામનો કરી રહ્યો છે. આ કટોકટીને ધ્યાનમાં રાખીને રાંધણ ગેસ માટે નવા કનેક્શન ખાસ કરીને LPG આપવાનું દેશભરમાં સ્થગિત કરવામાં આવ્યું છે. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી દેશભરની સરકારી તેલ કંપનીઓએ નવા કનેક્શન આપવાનું બંધ કરી દીધું છે. નવા કનેક્શન પર આ પ્રતિબંધનું મુખ્ય કારણ મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ અને તેના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાના કારણે દેશભરમાં LPG પુરવઠાને ગંભીર અસર થઈ છે. LPG પુરવઠામાં વિક્ષેપથી સામાન્ય લોકોમાં ચિંતા વધી છે. ભારત LPGનો વિશ્વનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. દેશને વાર્ષિક ૩૩ મિલિયન ટન LPGની જરૂર પડે છે, જેમાંથી ૬૫ ટકા આયાત દ્વારા પૂર્ણ થાય છે. આ આયાતમાંથી ૯૦ ટકા પશ્ચિમ એશિયામાંથી આવે છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વની કુલ LPG જરૂરિયાતોના પાંચમા ભાગ માટેનો રસ્તો છે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે જહાજોના રસ્તા રોકાયા છે, જેના કારણે ભારત જેવા દેશોમાં LPG શિપમેન્ટ અનિશ્ચિત બન્યું છે.

પરિણામે ઓઈલ કંપનીઓએ હાલના ગ્રાહકોને પ્રાથમિકતા આપી છે અને નવા કનેક્શન આપવાનું કામચલાઉ ધોરણે બંધ કરી દીધું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી સુજાતા શર્માએ પણ આની પુષ્ટિ કરી. તેમણે જણાવ્યું હતું કે, હાલ માટે નવા કનેક્શન આપવામાં આવી રહ્યા નથી. નવા કનેક્શન આપવાનું ક્યારે ફરી શરૂ થશે તે અંગે કોઈ ચોક્કસ સમયરેખા આપવામાં આવી નથી. LPG વિતરકો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓઈલ કંપનીઓએ હાલના સ્થાનિક ગ્રાહકોને LPGનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાને પ્રાથમિકતા આપી છે. ઓનલાઈન સિસ્ટમ હાલમાં નવી અરજીઓ સ્વીકારી રહી નથી. જો કે, આ બાબતે કોઈ ઔપચારિક સરકારી આદેશ આપવામાં આવ્યો નથી. તેમ છતાં ડીલરોને અનૌપચારિક રીતે નવા કનેકશન આપવાનું કામચલાઉ ધોરણે ટાળવાની સૂચના આપવામાં આવી છે.

### યુપી વિધાનસભા ચૂંટણીને લઈને નીતિન નવીનની જાહેરાત

# યુપીમાં યોગી આદિત્યનાથ જ હશે ભાજપનો ચહેરો

## નીતિન નવીને યોગી આદિત્યનાથના નામ પર મહોર મારતા ઉત્તર પ્રદેશમાં સત્તાની હેટ્રિક લગાવવાનો દાવો કર્યો છે

લખનૌ, તા.૨૩

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે અત્યારથી જ કમર કસી લીધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને સ્પષ્ટ કરી દીધું છે કે, વર્ષ ૨૦૨૭ની ચૂંટણી કોના નેતૃત્વમાં લડવામાં આવશે. એક ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં નીતિન નવીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નામ પર મહોર મારતા ઉત્તર પ્રદેશમાં સત્તાની હેટ્રિક લગાવવાનો દાવો કર્યો છે.

ચૂંટણીમાં મુખ્યમંત્રીના ચહેરા અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં નીતિન નવીને જણાવ્યું હતું કે, યોગી આદિત્યનાથ હાલમાં મુખ્યમંત્રી છે અને તેમના નેતૃત્વમાં જ સરકાર ચાલી રહી છે. તેથી નિશ્ચિતપણે તેઓ જ અમારો ચહેરો હશે. આ સાથે તેમણે ઉત્તરાખંડ માટે પણ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નામનો સંકેત આપ્યો હતો.

નીતિન નવીને યુપીના બદલાયેલા સ્વરૂપની ચર્ચા કરતાં કહ્યું કે, જે રાજ્ય પહેલા ગુનાખોરી અને ખંડણી માટે જાણીતું હતું, તે આજે તેની શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થા તથા એક્સપ્રેસવે માટે ઓળખાય છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન અન્ન યોજનાથી લઈને તમામ સરકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચી છે. ઉત્તર પ્રદેશ આજે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રોથ અને મોટા રોકાણોમાં દેશના અગ્રણી રાજ્યોમાં સામેલ છે. મુખ્યમંત્રી યોગીની સૌથી મોટી તાકાત લો એન્ડ ઓર્ડર છે જે જમીન પર દેખાઈ રહી છે.નોંધનીય છે કે, ૨૦૧૭માં ભાજપ જ્યારે સત્તામાં પરત ફરી ત્યારે કોઈ ચહેરો જાહેર કરવામાં આવ્યો ન હતો. ૨૦૨૨માં પણ ચહેરાને લઈને અનેક અટકળો હતી. જોકે, આ વખતે ભાજપે ચૂંટણીના ઘણા સમય પહેલા જ યોગી આદિત્યનાથના નામની જાહેરાત કરીને તમામ વિવાદો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. સમાજવાદી પાર્ટીએ જ્યારે પશ્ચિમ યુપીથી મિશન-૨૦૨૭ની શરૂઆત કરી છે, ત્યારે ભાજપનો આ દાવ વિપક્ષો માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.

### મોંઘા પુસ્તકો ખરીદવાનું દબાણ

# ખાનગી શાળાઓની મનમાની પર રાજ્યોને નોટિસ અપાઈ

## રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ખાનગી શાળાઓ દ્વારા વાલીઓને ખાનગી પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરાતું હોવાની નોંધ લીધી

નવી દિલ્હી, તા.૨૩

દેશના વિવિધ ભાગોમાંથી વાલીઓ દ્વારા ફરિયાદો દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ખાનગી શાળાઓ ખાનગી પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરી રહી છે. આ આરોપો બાદ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પ્રિયંક કાનૂનગોની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચે આ મામલે તમામ રાજ્ય સરકારોને નોટિસ ફટકારી છે. નમો ફાઉન્ડેશન દ્વારા રજૂ કરાયેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.કમિશને રાજ્ય સરકારોને રાષ્ટ્રીય સ્કૂલ બેગ નીતિ અને શિક્ષણ અધિકાર કાયદાની કલમ ૨૯ ના પાલનમાં જરૂરી કાર્યવાહીની વિગતવાર અહેવાલો રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. કમિશને SCER દ્વારા પ્રકાશિત પુસ્તકોની સંખ્યા અને ખાનગી અને સરકારી શાળાઓમાં નોંધાયેલા વિદ્યાર્થીઓના ગુણોત્તર અંગેનો ડેટા પણ માંગ્યો હતો. આયોગે એ પણ નોંધ્યું કે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને SCERT/ NCERT પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે, પરંતુ ખાનગી શાળાઓને ફીના આધારે સમાન સિસ્ટમ લાગુ કરવાથી શું રોકે છે?આયોગના મતે, શાળાઓના ખાનગી અને સરકારી સંચાલનના આધારે પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમમાં તફાવત કરવો એ શૈક્ષણિક ભેદભાવ છે.

વધુમાં શિક્ષણ મંત્રાલયને એક નોટિસ જાહેર કરવામાં આવી છે, જેમાં સ્પષ્ટતા માંગવામાં આવી છે કે ધોરણ ૮ સુધીના પરીક્ષા બોર્ડ દ્વારા નિર્ધારિત અભ્યાસક્રમ નિયુક્ત શૈક્ષણિક સત્તાવાળા કરતા કેમ અલગ છે. કમિશનના મતે ખાનગી અને સરકારી સંચાલિત શાળાઓના આધારે પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમમાં તફાવત કરવો એ શૈક્ષણિક ભેદભાવ છે.

વધુમાં શિક્ષણ મંત્રાલયને એક નોટિસ જાહેર કરવામાં આવી છે, જેમાં સ્પષ્ટતા માંગવામાં આવી છે કે ધોરણ ૮ સુધીના પરીક્ષા બોર્ડ દ્વારા નિર્ધારિત અભ્યાસક્રમ નિયુક્ત શૈક્ષણિક સત્તાવાળા કરતા કેમ અલગ છે.

### ઈરાન સંઘર્ષ બાદ ટ્રમ્પની લોકપ્રિયતામાં રેકોર્ડ ઘટાડો

# અમેરિકામાં મિડ-ટર્મ ચૂંટણીમાં મોટા ઉલટફેરના એંધાણ!

## જીવનનિર્વાહના ખર્ચ મુદ્દે ૭૬% લોકોએ અસંતોષ વ્યક્ત કર્યો છે, જ્યારે માત્ર ૨૩% લોકો ટ્રમ્પની કામગીરીથી સંતુષ્ટ છે

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકામાં યોજાનારી આગામી મિડટર્મ ચૂંટણીઓ પહેલા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્રાફમાં મોટો ઘટાડો નોંધાયો છે. રોઈટર્સ-ઈપ્સોસ, વેરાસાઈટ અને AP-NORC દ્વારા કરવામાં આવેલા તાજેતરના પોલ્સ દર્શાવે છે કે, ટ્રમ્પનું એપ્રૂવલ રેટિંગ ઘટીને ૩૩%થી ૩૬%ની વચ્ચે આવી ગયું છે, જે તેમના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરો પૈકીનું એક છે.

AP-NORCના સર્વે મુજબ, ૧૦માંથી ૭ અમેરિકનો માને છે કે દેશનું અર્થતંત્ર નબળું છે અને દેશ ખોટી દિશામાં આગળ વધી રહ્યો છે. ટ્રમ્પના અર્થતંત્ર પ્રત્યેના નિર્ણયોને માત્ર ૩૦% લોકોએ જ સમર્થન આપ્યું છે, જે માર્ચમાં ૩૮% હતું. જીવનનિર્વાહના ખર્ચ (Cost of Living) મુદ્દે ૭૬% લોકોએ અસંતોષ વ્યક્ત કર્યો છે, જ્યારે માત્ર ૨૩% લોકો ટ્રમ્પની કામગીરીથી સંતુષ્ટ છે. ટ્રમ્પની કડક ડિપોર્ટેશન પોલિસી હવે તેમની જ પાર્ટી માટે જોખમી સાબિત થઈ શકે છે. ૫૨% અમેરિકનોએ જણાવ્યું કે, તેઓ એવા ઉમેદવારને મત નહીં આપે જે ટ્રમ્પની ડિપોર્ટેશન નીતિનું સમર્થન કરતા હોય. ખાસ કરીને ઈન્ડિપેન્ડન્ટ મતદારોમાં આ વિરોધ વધુ જોવા મળ્યો છે. મિનેપોલિસમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલા મૃત્યુ બાદ વહીવટીતંત્રે અટકાયતની પ્રક્રિયા ધીમી કરી છે.

વિદેશ નીતિના મોરચે પણ ટ્રમ્પને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૬૭% અમેરિકનોએ ઈરાન સાથેના સંઘર્ષના મુદ્દે ટ્રમ્પના વલણને નકારી દીધું છે. સર્વે મુજબ, ૬૧% અમેરિકનો માને છે કે અમેરિકાએ ઈરાનમાં હવે વધુ કોઈ સૈન્ય કાર્યવાહી કરવી જોઈએ નહીં. જોકે, આ નકારાત્મક પોલ્સ વચ્ચે પણ ટ્રમ્પ માટે એક આશાનું કિરણ છે. રિપબ્લિકન પાર્ટીના ૮૩% સમર્થકો હજુ પણ ટ્રમ્પની કામગીરીને યોગ્ય માને છે. આ ઉપરાંત, વોટર આઈડી અને નાગરિકતાના પુરાવા ફરજિયાત કરવાના મુદ્દે ૭૫% અમેરિકનો ટ્રમ્પની તરફેણમાં છે.

### બંગાળમાં PM મોદીના મમતા બેનર્જી પર પ્રહાર

# ઝાલમુરી મેં ખાધી પણ મરચાં તૃણમૂલને લાગ્યા

## તેમણે સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (MC) પર આકરા પ્રહારો કરતા રાજ્યમાં પરિવર્તનનો વિશ્વાસ વ્યક્ત કર્યો

કોલકાતા, તા.૨૩

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષ્ણનગરમાં એક વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (TMC) પર આકરા પ્રહારો કરતા રાજ્યમાં પરિવર્તનનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં ઝાલમુરીના કિસ્સાનો ઉલ્લેખ કરતા કટાક્ષમાં કહ્યું કે, મેં બંગાળમાં ઝાલમુરી ખાધી હતી, પરંતુ એવું લાગે છે કે તેના મરચાંનો તીખો સ્વાદ ટીએમસીના નેતાઓને લાગ્યો છે. ૪ મેના રોજ ભાજપની જીત નક્કી છે અને તે દિવસે બંગાળમાં મીઠાઈની સાથે ઝાલમુરી પણ વહેંચવામાં આવશે.'વડાપ્રધાન મોદીએ તૃણમૂલ પર ગંભીર આરોપો લગાવતા કહ્યું કે, ૧૫ વર્ષ પહેલા લોકો સામ્યવાદીઓ વિરુદ્ધ હતા અને આજે તેઓ ટીએમસીના જંગલરાજ વિરુદ્ધ ઊભા છે.વડાપ્રધાન મોદીએ ઘૂસણખોરીના મુદ્દે સરકારને ઘેરતા કહ્યું કે, 'ભાજપનો મંત્ર સબકા સાથ, સબકા વિકાસ છે, જ્યારે ટીએમસી ઘૂસણખોરોનો સાથ અને ઘૂસણખોરોનો વિકાસમાં માને છે. ચૂંટણી દરમિયાન ઓછી હિંસા ખૂબ જ સારી બાબત છે. છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસમાં આ વખતે હિંસા નહીંવત છે. જ્યાં પણ રેકોર્ડબ્રેક મતદાન થાય છે, ત્યાં ભાજપને મજબૂત જનાદેશ મળે છે.'નાગરિકતા સંશોધન કાયદા(CAA) અંગે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવતા પીએમ મોદીએ મતુઆ અને નમશૂદ્ર સમુદાય સહિતના શરણાર્થી પરિવારોને ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે, આ મોદીની ગેરંટી છે કે ભાજપ સરકાર બનતા જ ઝછછછ હેઠળ નાગરિકતા આપવાની પ્રક્રિયાને વધુ વેગ આપવામાં આવશે અને દરેક લાભાર્થીને ભારતીય નાગરિક તરીકેના તમામ અધિકારો મળશે.

# ૨૦૨૦ બાદ પહેલીવાર ચીની નાગરિકો માટે ટૂરિસ્ટ વિઝા ફરી શરૂ

નવી દિલ્હી, તા.૨૩

ભારત સરકારે એક મોટો નિર્ણય લીધો છે. ભારત સરકાર ચીની નાગરિકો માટે ટૂરિસ્ટ વિઝા ફરી શરૂ કરવાની તૈયારી કરી રહી છે. પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ આ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. હવે બંને દેશો વચ્ચેના સંબંધોમાં જામેલો બરફ ધીમે-ધીમે પીગળી રહ્યો છે.આ મહત્વપૂર્ણ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોમાં ધીમે-ધીમે આવી રહેલી નરમાશના ભાગરૂપે ભરવામાં આવ્યું છે. તાજેતરમાં જ ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ લાંબા સમયથી સ્થગિત થયેલી કૈલાશ માનસરોવર યાત્રાને પણ પુનઃ સ્થાપિત કરી દેવામાં આવી છે. વિઝાના આ નવા નિયમો મુખ્ય ચીન, હોંગકોંગ અને મકાઉથી આવતા યાત્રીઓ પર લાગુ થશે.સરકારનો આ નિર્ણય પર્યટન, વેપાર અને બંને દેશોના લોકો વચ્ચે પરસ્પર મેલજોલ વધારવાના પ્રયાસોનો એક ભાગ છે. છેલ્લા કેટલાક વર્ષોથી બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે આ પ્રવૃત્તિઓ અટકી પડી હતી. જોકે, વિઝા આપવા માટે સામાન્ય પ્રક્રિયાઓનું પાલન થશે, પરંતુ સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને કેટલાક પ્રતિબંધો હજુ પણ લાગુ રહેશે. નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણયથી બંને દેશો વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો મજબૂત થશે. વ્યાપારી સમુદાયે પણ આ પગલાનું સ્વાગત કર્યું છે. હાલમાં બંને દેશો ધીમે ધીમે પોતાના ભૂતકાળના મતભેદોને પાછળ છોડીને સહયોગની દિશામાં આગળ વધી રહ્યા છે.

### અફવાઓ પર ધ્યાન ના આપો...

# પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારા મુદ્દે કેન્દ્રની સ્પષ્ટતા

## પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ભાવ વધારાના અહેવાલો તદ્દન ખોટા અને પાયાવિહોણા છે

નવી દિલ્હી, તા.૨૩

સોશિયલ મીડિયા પર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર કેન્દ્ર સરકારે પૂર્ણવિરામ મૂક્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ભાવ વધારાના અહેવાલો તદ્દન ખોટા અને પાયાવિહોણા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકાર પાસે અત્યારે ઈંધણના ભાવ વધારવા માટેનો આવો કોઈ જ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. આથી, નાગરિકોએ સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી ગભરાવાની જરૂર નથી. આ અંગે મંત્રાલયે X પર જણાવ્યું હતું કે, પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના અહેવાલો માત્ર ફેક ન્યૂઝ છે. આવા સમાચાર જાણી જોઈને લોકોમાં ડર અને ગભરાટ ફેલાવવાના હેતુથી ફેલાવવામાં આવી રહ્યા છે, જે સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરનારા છે.

મંત્રાલયે નાગરિકોને અપીલ કરી છે કે આવા ભ્રામક સમાચારો પર વિશ્વાસ ન કરવો. સરકારે વધુમાં એક મહત્ત્વની બાબત રજૂ કરતાં જણાવ્યું કે, ભારત કદાચ દુનિયાનો એકમાત્ર એવો દેશ છે જ્યાં છેલ્લા ૪ વર્ષથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ આવવા છતાં, ભારત સરકાર અને ઓઈલ ઉત્પાદક કંપનીઓએ (Oil PSUs) સતત પ્રયાસો કરીને ભારતીય નાગરિકોને ભાવ વધારાના બોજથી સુરક્ષિત રાખ્યા છે. આમ, સરકારે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં ભાવ વધારાની કોઈ શક્યતા નથી અને જનતાએ અફવાઓથી દૂર રહેવું જોઈએ.

### ગ્લોબલ માર્કેટમાં હલચલ

# ઈરાન યુદ્ધની ભારત પર માઠી અસર! બમણા ભાવે ૨૫ લાખ ટન યુરિયા ખરીદ્યું

## ચિંતાની વાત એ છે કે માત્ર બે મહિનાના ગાળામાં આંતરરાષ્ટ્રીય બજારમાં યુરિયાની કિંમતો લગભગ બમણી થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૨૩

મીડિલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે ભારતના કૃષિ ક્ષેત્ર પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ખાતરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારત એક જ ટેન્ડરમાં રેકોર્ડ ૨૫ લાખ મેટ્રિક ટન યુરિયા આયાત કરવા જઈ રહ્યું છે. જોકે, ચિંતાની વાત એ છે કે માત્ર બે મહિનાના ગાળામાં આંતરરાષ્ટ્રીય બજારમાં યુરિયાની કિંમતો લગભગ બમણી થઈ ગઈ છે.

અહેવાલો અનુસાર, ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL)એ આ ખરીદી માટેની ડીલ ફાઈનલ કરી છે. અગાઉના ટેન્ડરમાં પશ્ચિમ કિનારા માટે યુરિયા અંદાજે ૫૦૮ ડૉલર પ્રતિ ટન હતું, જે હવે વધીને ૯૩૫ ડૉલર પ્રતિ ટન થઈ ગયું છે. તેવી જ રીતે, પૂર્વ કિનારા માટે જે ભાવ ૫૧૨ ડૉલર હતો, તે હવે ૯૫૯ ડૉલર પ્રતિ ટન પર પહોંચી ગયો છે. આમ, વૈશ્વિક તંગદિલીને કારણે ભારતે લગભગ બમણા ભાવ ચૂકવવા પડી રહ્યા છે.

ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા આયાતકાર દેશ છે. વર્ષ ૨૦૨૫માં ભારતને અંદાજે ૧ કરોડ ટન યુરિયાની જરૂરિયાત રહેવાની છે, જેની સામે આ ૨૫ લાખ ટનનો જથ્થો કુલ જરૂરિયાતનો ચોથો ભાગ પૂર્ણ કરશે. જોકે, આયાત મોંઘી થવાથી ભારત સરકાર પર સબસિડીનો બોજ અસહ્ય બનશે. સરકાર ખેડૂતોને સસ્તા દરે ખાતર પૂરું પાડવા માટે કંપનીઓને સબસિડી આપે છે, જેનો ખર્ચ હવે આસમાને પહોંચશે.

નિષ્ણાતોના મતે, ભારત દ્વારા કરવામાં આવેલી આટલી મોટી ખરીદીને કારણે વૈશ્વિક બજારમાં અન્ય દેશો માટે યુરિયાની અછત સર્જાઈ શકે છે.

સપ્લાયર્સ પાસે મર્યાદિત સ્ટોક હોવાથી અને મોટાભાગનો જથ્થો ભારત તરફ આવવાનો હોવાથી આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધુ વધારો જોવા મળી શકે છે.

# ગજેરા કેમ્પસ-વિધાસભા જ્ઞાનશકિત રેસી.સ્કૂલ ખાતે બાળકોની સર્જનાત્મકતા અને આનંદ માટે સમર કેમ્પ યોજાયો






અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા અને જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલેન્સના સંયુક્ત ઉપક્રમે સમર કેમ્પ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસ, કલા, સાહિત્ય, નેતૃત્વ તાલીમ, શરીરિક માનસીક વિકાસલક્ષી અને કૌશલ્ય વર્ધક અનેકવીધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ સાથે, સ્વરક્ષા તાલીમ, સ્વિમિંગ, હોર્સ રાઈડીંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જે બાળકોમાં આનંદ અને ઉત્સાહ વધારવા સાથે તેમના સર્વાંગી વિકાસમાં સહાયક બની રહી છે.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલ, એફ.આર.સી. કમિટીના મેમ્બર મુકુંદભાઈ મહેતા, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂટ, ખોડાભાઈ સાવલીયા તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી અને ત્યારબાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી સમર કેમ્પનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે આવતી ૨ મે સુધી શરૂ રહેશે. વિદ્યાર્થીઓને ટી – શર્ટ, ટોપી, સમરકેમ્પ સર્ટીફીકેટ, તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા પ્રેરાય તે માટે સમર કેમ્પમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ‘ડો. જીવરાજ મહેતા પ્રતિભા કસોટીના તમામ લાભ આપવામાં આવશે. જેમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર ૫૧૦૦/–, દ્વિતીય નંબર ૨૧૦૦/–, અને તૃતીય નંબર ૧૧૦૦ તેમજ આ સંસ્થાની સ્કૂલ ફિ ૧૦ થી ૩૦ % સુધી માફી તેમજ JMPK નું સર્ટીફીકેટ આપવામાં આવશે. મુખ્ય મહેમાન મનોહરસિંહ ગોહિલ દ્વારા સંસ્થાના વિકાસ તથા વિદ્યાર્થીઓને મળતી અદ્યતન સુવિધાઓ A.I.આધારિત સ્માર્ટ કલાસ દ્વારા આધુનિક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે જયારે અન્ય શાળાઓમાં શૈક્ષણિક વેકેશન ચાલી રહ્યું છે ત્યારે અહીંના વિદ્યાર્થીઓ સમર કેમ્પનો સદુપયોગ કરી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે. સાથે જ ‘ડો. જીવરાજ મહેતા પ્રતિભા કસોટી જેવી શૈક્ષણિક કસોટીઓનું વિશેષ આયોજન વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયી સાબિત થઈ રહ્યું છે.સંસ્થાના શ્રેષ્ઠ શૈક્ષણિક આયોજન અને મેનેજમેન્ટ અંગે પ્રશંસા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સંસ્કારપૂર્ણ વાતાવરણ પૂરૂં પાડવામાં સંસ્થા અગત્યની ભૂમિકા ભજવી રહી છે.નોંધનીય છે કે સમગ્ર ગુજરાતમાં CET અંતર્ગત શાળા પસંદગીમાં ગજેરા કેમ્પસ – વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ – ૦૧ અને જ્ઞાનશક્તિ – ૦૨ ને વિશેષ પ્રાધાન્ય મળ્યું છે. સંસ્થામાં ભાઈઓ અને બહેનો માટે અલગ અને સુવ્યવસ્થિત નિવાસ વ્યવસ્થા તેમજ વિવિધ ઉજવણી કાર્યક્રમો સુચારૂ રીતે સંચાલિત કરવામાં આવે છે, જેના કારણે વાલીઓમાં સંસ્થાની ગુણવત્તા પ્રત્યે વિશ્વાસ મજબૂત બન્યો છે.આ આયોજનને સફળ બનાવવા સ્કૂલ મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે

## અમરેલીમાં અખાત્રીજ નિમિત્તે કૃષિ ઓજારોનું પૂજન કરવામાં આવ્યું

### પ્રાકૃતિક કૃષિ અંગે જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી




અમરેલી, તા. ૨૩

આજરોજ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે અખાત્રીજ નિમિત્તે કૃષિ ઓજારોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ પરંપરાગત કૃષિ મૂલ્યોને જાળવી રાખીને પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃત્તિ વધારવાનો હતો. સાથે ખેડૂતોને સ્વાવલંબન અને પર્યાવરણ મિત્ર ખેતી તરફ પ્રોત્સાહન પૂરૂં પાડવાનો હતો.

ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા ટ્રેક્ટર, વિવિધ ઓજારો, હળ, કાપણીના ઓજારો સહિતના સાધનોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ આચાર્ય ડો. દેશમુખ સહિત સર્વ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા તેમ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## ‘મળવા જેવા માનવી’ એટલે અમરેલીના લબ્ધ પ્રતિષ્ઠિત ટેક્ષ કન્સલ્ટન્ટ કિશોરભાઈ દવે



નિવૃત્તિમાં ચહેરા પર મોજ, મજા, આનંદની લક્કીર જોઈ. ભૂતકાળની યાદ દાસ્તોએ આ લેખનની પ્રેરણા આપી ગઈ કાલે હું, અને મારા વાઈફ ડો. ઉષા પટેલ મુ.કિશોરભાઈ અને ભાભીને મળવા રાજકોટ મુકામે તેમના નાના પુત્ર ડો. માધવ દવે (રાજકોટ સીટી ભાજપ પ્રમુખ)ને ત્યાં મળવા ગયેલ. ઘણા સમય પછીની મુલાકાત સમયે અમારા દ્વારા કિશોરભાઈ અને ભાભીનું શાલ અને બુકેથી સ્વાગત કરતા અતિ ભાવુક લાગણી સાથે પૂત્ર વધૂ ધારાબેનનો લાગણીશભર આવકાર બદલ આભાર. અમો બને અમરેલી જિલ્લાના ચિતલમાં ૧૯૭૬ થી ૨૦૧૦ સુધી તબીબી પ્રાઈવેટ પ્રેકટીસ કરતા હતા. તે દરમ્યાન ૧૯૭૯ માં મારા પરમ મિત્ર અને આયુર્વેદ ક્ષેત્રના મારા સમકાલીન કાર્ય કરતા ડો. મહાવીરસિંહજી ગોહિલ (EX M.P.) ભાવનગર નો ફોન આવેલ કે કાલે મારા પિતા હરિસિંહજી ( LEADER OF JANSANGH AND RSS ) તારે ત્યાં ટ્રેન મારફતે સવારે ૧૦ વાગ્યે આવી રહ્યા છે. તેને લેવા જવાની અને ત્યારબાદ અમરેલી કિશોરભાઈ દવેને ત્યાં લઈ જવા સુધીની જવાબદારી તારા પર સોંપ્યુ. તે મુજબ બપોરના મારે ત્યાં ભોજનબાદ ૨ વાગ્યે કિશોરભાઈની હાલમાં ઓફીસ અને વિશાલ નિવાસ્થાને પ્રથમવાર તેવોને મળવાનું થયું મહેમાનો માટે ભવ્ય માધવ ગેસ્ટ હાઉસએમાં કઈ ઘટે નહિ અમારૂ ભવ્ય સ્વાગત અને ચા પાણી પછી મારી વિદાયને કિશોરભાઈનો મીઠો આવકારને સહ : સ્મિત ચહેરો આજે યાદ છે. ત્યારબાદ ૧૯૮૨–૮૩ માં પ્રથમવાર ઈન્કમટેકસ રિટર્ન ફાઈલ કરવાનો સમય આવ્યો જરૂરી પેપર આપતા સાથે પાન કાર્ડ જોતા ઉષાબેન જાદવરાય જોશી જોતા...

મનમાં કદાચ બોલ્યા હશે માળો, આતો, જમાઈ નીકળો ત્યાર બાદની મુલાકાતમાં જેતપુર મારા સસરાનું નામ અને વ્યવસાયે જનેશકુમાર મેડિકલસ્ટોર નામ સાંભળતાજ બોલ્યા મારા ભાણેજ રવિભાઈ મહેતા આ મેડીકલમાં નોકરી ૨૫ વર્ષ કરી અકાળે કેન્સરમાં અવસાન થયું તેને દીકરીઓ અને એક માત્ર દીકરો ૧૨ વર્ષનો હતો આજીવિકાનું સાધન

ત્યારે મારા સસરાએ પરિવારને શાંત્વના સાથે કહેલકે દીકરો હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી રવિભાઈને જે પગાર મળતો તેનો અળધો પગાર ઘર બેઠા તમને ૧ તારીખે મળી જશે તેલું જ નહિ પણ આગળ અભ્યાસ સાથે કોઈ પાર્ટ ટાઈમની નોકરી સુધીની મારી જવાદારી સ્વૈચ્છિક રીતે સ્વીકારૂં છું. આ દરેક બાબતની યાદદાસ્ત પરત્વે કિશોરભાઈ દવેનો સંપૂર્ણ પરિવાર ડો. ઉષાને એક પરિવારના દીકરી કે બહેન સ્વરૂપે સંબંધ નિભાવી સારા નરસા પ્રસંગે અચૂક નિમંત્રણ સાથે સ્વાગત કરે છે.

**મનુષ્યના જીવનમાં સત્ય, પ્રેમ, અને કરૂણા :** આનુવંશિક લક્ષણો ધરાવે છે અરે તેની પ્રતીતિ માટે કિશોરભાઈના પરિવારમાં ૩ દીકરા મોટા મેહુલભાઈ (RETA CALLECTOR-GANDHINAGAR) મારે તેને વર્ષમાં એકવાર તેમના જન્મ દિવસે અચૂક ફોન કરવાનું થાય ત્યારે ફોન ઉપાડતા અરે.. પાય લાગુ ફુવા.. બોલો (IAS) કક્ષાની વ્યક્તિનું કેવું વિરાટ વ્યક્ત્વિ. બીજા નબરના પુત્ર મનીષભાઈ તેવો પણ અમરેલીમાં જ કિશોરભાઈની જેમ ટેકસ કનસલટંટના વ્યવસાય સાથે જોડાયેલાં છે. તેમના પુત્ર અર્જુન ડાયનેમિક પર્સનાલિટી સાથે ઉત્તમ વક્તા અને BJP ના સક્રિય કાર્ય કરતા છે. પિતાના અને દાદાના પગલે ટેકસ કનસલટંટ, તેની માતા ટિક્કુબેન સદાય હસતા ચહેરે સૌનું સ્વાગત સાથે દવે પરિવારના ગૃહ લક્ષમી છે. સૌથી નાના પુત્ર માધવભાઈ રાજકોટમાં લોયરની પ્રેકટીસ સાથે લિટેચરમાં PHD કરેલ હોય ડો.માધવ દવે જેવો હાલ રાજકોટ સીટી (BJP PRESIDENT OF RAJKOT CITY)ની જવાબદારી સક્રિય પણે નિભાવે છે અમરેલી BJP ના સંસ્થાપક કિશોરભાઈનો રાજકીય વારસો તેવો તથા તેનો ભત્રીજો અર્જુન અમરેલીમાં સક્રિય પણે નિભાવી રહ્યા છે.

### મિડલ ઈસ્ટમાં તણાવ, હોર્મુઝનું સંકટ યથાવત

## ચૂંટણી પછી પેટ્રોલ ડીઝલના ભાવમા વધારો થાય તેવી શક્યતા

### સરકારે બોજો ટાળવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮ થી ૧૫ રૂપિયા પ્રતિ લીટર વધારો કરવો પડે તેવી સ્થિતિ

નવી દિલ્હી, તા.૨૩

મિડલ ઈસ્ટમાં હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભલે યુદ્ધવિરામ લંબાવ્યો પરંતુ ઈરાને આ નિર્ણય ફગાવી દીધેલો છે. જેને પગલે જંગનું જોખમ યથાવત છે. એમાં પણ ઈરાન ધમકીઓ પર ધમકી આપી રહ્યું છે. આ બધા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ભડકો જોવા મળી રહ્યો છે અને એક તબક્કે ક્રૂડ ઓઈલ ઉછળીને ૧૦૦ ડોલર પાર કરી ગયું. ભારતમાં પણ ટૂંક સમયમાં ભાવમાં વધારો જોવા મળી શકે છે.

પશ્ચિમ એશિયામાં જે સ્થિતિ જોવા મળી રહી છે તેને પગલે ક્રૂડ ઓઈલ સતત ઉછાળા મારી રહ્યું છે. કારણકે જંગનો ખતરો હજું ટળ્યો નથી. ભારતમાં ક્રૂડ ઓઈલ મુખ્યત્વે આયાત થતું રહે છે. જેને પગલે ભાવ વધારો તોળાઈ રહ્યો છે.

એક્સપર્ટ્સ જણાવે છે કે જો આ વર્ષે ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ ૯૫ ડોલર પ્રતિ બેરલ રહે તો પણ સરકારે બોજો ટાળવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા પ્રતિ લીટર વધારો કરવો પડે તેવી સ્થિતિ થાય. જો કે ક્રૂડ ઓઈલના ભાવ ૮૫થી ૯૦ ડોલર વચ્ચે રહે છે. છતાં પ્રતિ લિટર ૩ રૂપિયાથી માંડીને ૭ રૂપિયાના વધારાની શક્યતા સેવાઈ રહી છે.

આજે ગુરુવારે ભારતીય બજારોમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકાના સિગ્નલ વિદેશના બજારોમાંથી મળી રહ્યા છે. અમેરિકાથી લઈને જાપાન સુધી દુનિયાભરના બજારોમાં હડકંપ છે. અમેરિકી સ્ટોક માર્કેટ બુધવારે રેડ ઝોનમાં બંધ થયા જ્યારે એશિયાઈ બજારોમાં પણ મોટાભાગે કડાકાનો માહોલ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ભલે યુદ્ધવિરામ લંબાયું હોય પરંતુ હોર્મુઝ સ્ટ્રેટ મુદ્દે હજુ પણ તણાવ યથાવત છે. ઈરાન હોર્મુઝ ખોલવા માટે તૈયાર નથી. જ્યારે અમેરિકા પણ નાકાબંધી પર મક્કમ છે. જેના પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ૧૦૦ ડોલર પાર કરી ગયું છે. જેના કારણે શેર બજારો દબાણમાં છે.

હાલ દેશમાં પાંચ રાજ્યોમાં ચૂંટણીનો માહોલ છે. તમિલનાડુમાં એક જ તબક્કામાં તમામ સીટો જ્યારે પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાનું મતદાન આજે છે. પુડુચેરી, અસમ અને કેરળમાં મતદાન હાલમાં જ પૂરું થયું છે અને પરિણામની રાહ જોવાઈ રહી છે. સરકારે હાલ પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા છે. ઓઈલ કંપનીઓ નુકસાન ભોગવી રહી છે પરંતુ એવું મનાઈ રહ્યું છે કે વિધાનસભા ચૂંટણીઓ પૂરી થયા બાદ ઈંધણના ભાવમાં વધારો થઈ શકે છે. જો આવું થાય તો તેની અસર ફુગાવા પર પડે અને પરિવહન ખર્ચમાં પણ વધારો થાય.

### દુષ્પ્રચાર અને અફવાઓ પર પ્રતિબંધ

## ચૂંટણી ટાણે સોશિયલ મીડિયા પર ભડકાઉ પોસ્ટ મૂકનારાઓ સામે સાયબર ક્રાઈમની બાજ નજર

### સાયબર ક્રાઈમની સ્પેશિયલ ટીમ દરેક પોસ્ટ અને વીડિયોનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહી છે

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં લોકશાહીના પર્વ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે આચારસંહિતાના કડક અમલ માટે ચૂંટણી પંચની સાથે હવે પોલીસ અને સાયબર ક્રાઈમ વિભાગ પણ એક્શન મોડમાં આવ્યું છે. ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પ્રચારનું શક્તિશાળી માધ્યમ બન્યું છે, ત્યારે તેનો દુરુપયોગ રોકવા માટે સાયબર ક્રાઈમની ટીમ ૨૪ કલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર નજર રાખી રહી છે.ચૂંટણી દરમિયાન ઉમેદવારો અને રાજકીય પક્ષો મતદારો સુધી પહોંચવા માટે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. જોકે, આ દરમિયાન કોઈને બદનામ કરવાના ઈરાદે પોસ્ટર વાયરલ કરવા, ખોટી અફવાઓ ફેલાવવી કે ભડકાઉ ભાષણો દ્વારા શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમની સ્પેશિયલ ટીમ દરેક પોસ્ટ અને વીડિયોનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહી છે.

અમદાવાદ સાયબર ક્રાઈમના હ્રઁને ખાસ 'નોડલ ઓફિસર' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ટેલિકોમ કંપનીઓ સાથે બેઠક યોજીને શંકાસ્પદ બલ્ક મેસેજ (સામૂહિક સંદેશા) પર રોક લગાવવા માટે આયોજન કરાયું છે. જો કોઈ વ્યક્તિ ધાર્મિક લાગણી દુભાય તેવી કે આચારસંહિતાનો ભંગ કરતી પોસ્ટ કરશે, તો તેની વિરુદ્ધ તાત્કાલિક ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તંત્ર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વેરિફિકેશન વગર મેસેજ ફોરવર્ડ ન કરવા.

### જનલક્ષી પંચાયતી રાજ માટે કોંગ્રેસનું કમિટમેન્ટ

## સરપંચ અને ગ્રામ પંચાયતનાં સભ્યોને ભાડા-ભથ્થા ચુકવાશે : કોંગ્રેસ પ્રમુખ

### આઉટસોર્સિંગ અને કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરાશે




અમદાવાદ, તા. ૨૩

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દિવસે દિવસે ગામડા તુટતા જાય છે. શહેરીકરણ તરફની દોટ વધતી જાય છે. ગુજરાતમાં પંચાયતી રાજનો પાયો સ્વ. બળવતરાય મહેતા જેવા દ્રષ્ટા નેતાઓએ નાખ્યો હતો, જે મોડેલને આખા દેશે સ્વીકાર્યું હતું. કોંગ્રેસના વિઝન અને રાજીવ ગાંધીજીના સત્તાના વિકેન્દ્રીકરણના વિચારને કારણે ગ્રામીણ વ્યવસ્થાઓ મજબૂત બની હતી અને મહિલાઓને વહીવટમાં ભાગીદારી મળી હતી. જોકે, વર્તમાનમાં ભાજપની કેન્દ્રીકરણની નીતિને કારણે આ ગૌરવશાળી વ્યવસ્થા નબળી પડી છે અને ગુજરાત પંચાયતી રાજમાં દેશમાં ૧૮માં ક્રમે ધકેલાઈ ગયું છે. આજે લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરતાં અધિકારીઓનું જોર વધ્યું છે, જેના કારણે ગ્રામીણ અર્થતંત્ર અને સ્વાયત્તતા જોખમાઈ રહ્યા છે. જે પંચાયતી રાજે ભૂતકાળમાં આંગણવાડી અને પૂર જેવી આપત્તિઓના વ્યવસ્થાપનમાં મજબૂત નેતૃત્વ પૂરૂં પાડયું હતું, તે આજે અમલદારશાહીના અંકુશ નીચે દબાઈ ગયું છે, જે ગ્રામીણ વિકાસ માટે ચિંતાનો વિષય છે.

વર્તમાન સમયમાં પંચાયતી રાજ વ્યવસ્થા માત્ર નામની રહી ગઈ છે, જયાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ જવાબદારીઓના બોજ નીચે દબાયેલા છે પરંતુ તેમની પાસે સ્વતંત્ર નિર્ણય લેવાની સત્તાનો અભાવ છે. કોંગ્રેસ પક્ષ આ વ્યવસ્થાને પુનઃ જીવંત કરી સત્તાનું સાચું વિકેન્દ્રીકરણ કરવા માટે કટિબદ્ધ છે. અમારો ઉદ્દેશ્ય ગ્રામસભાને ખરા અર્થમાં લોકકેન્દ્રિત બનાવી, ગ્રામજનોને પોતાનો એજન્ડા જાતે નક્કી કરવાની શકિત આપવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓની કાર્યક્ષમતા વધારવા માટે તેમને જરૂરી પ્રવાસ ભથ્થું પૂરૂં પાડવામાં આવશે, જેથી તેઓ વહીવટી કામકાજ માટે સરળતાથી તાલુકા અને જિલ્લા સ્તરે પહોંચી શકે. ગ્રામ્ય સ્તરે ઓનલાઈન સેવાઓ મજબૂત બનાવી સામાન્ય જનતા પરનો આર્થિક ભાર ઓછો કરવામાં આવશે. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પારદર્શક રીતે પહોંચાડવો એ કોંગ્રેસ પક્ષની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે. કોંગ્રેસ પક્ષનું કમિટમેન્ટ છે કે, દરેક તાલુકા–જિલ્લા પંચાયતોમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્ર શરૂ કરવાનું, જયાં આધાર કાર્ડ, મા કાર્ડ અને તમામ સરકારી યોજનાઓના ફોર્મ તથા ઓનલાઇન અરજીઓ જેવી સીએસસી સેવાઓ ગ્રામજનોને સંપૂર્ણપણે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. વહીવટી પારદર્શિતા લાવવા માટે આઉટસોર્સિંગ અને કોન્ટ્રાકટ પ્રથા નાબૂદ કરી કાયમી ભરતી પ્રક્રિયા અમલી બનાવીશું. ભ્રષ્ટાચાર મુકત શાસન માટે મનરેગા અને નલ સે જલ જેવી યોજનાઓ પર દેખરેખ રાખવા વિજિલન્સ કમિટીની રચના કરવામાં આવશે અને દરેક વિકાસ કાર્યનું જનતા ઓડિટ સુનિશ્ચિત કરાશે. ભાજપ સરકારે યુવાનોને કાયમી કરવાના ખોટા સપના દેખાડી રહી છે. વર્ષોથી અન્યાયનો સામનો કરી રહેલા વીસીઈ (કોમ્પ્યુટર ઓપરેટર) મિત્રોને પંચાયતના બજેટમાંથી પૂરતો પગાર મળે અને તેમને કાયમી કરવામાં આવે તે માટે કોંગ્રેસ મક્કમતાથી કાર્ય કરશે. ભાજપના કમિશન અને ભ્રષ્ટાચારના નેકસસને તોડીને સત્તાનું સાચું વિકેન્દ્રીકરણ કરી પ્રજાલક્ષી પંચાયતી રાજ સ્થાપવાનો છે.કોંગ્રેસ પક્ષ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી ભ્રષ્ટાચાર મુકત અને પારદર્શક શાસન ચલાવશે. હાલની પંચાયતી રાજ વ્યવસ્થામાં ભાજપ સરકાર કમિશન રાજ અને કમલમ કેન્દ્રિત વહીવટના નેકસસને તોડીને સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવશે. ગ્રામીણ અસ્કયામતોની રક્ષા માટે ગૌચર કે સરકારી પડતર જમીનો ઉદ્યોગપતિઓને પધરાવી દેવાની નીતિ સામે હવે ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી અનિવાર્ય બનાવવામાં આવશે. આવનારી તાલુકા–જિલ્લા પંચાયતમાં લોકોના આશીર્વાદથી સત્તા મેળવતાની દરેક ગામની વસ્તી પ્રમાણે વિકાસ ગ્રાન્ટની વહેંચણીમાં થતા ભેદભાવ દૂર કરી, વસ્તીના ધોરણે સપ્રમાણ અને ન્યાયી ફાળવણી માટે એક ચોક્કસ તંત્ર ઊભું કરાશે, જેથી કોઈ ગામ કે વર્ગ વંચિત ન રહે. મહિલા સશકિતકરણને માત્ર કાગળ પર નહીં પણ વાસ્તવિક બનાવવા માટે, ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓના પતિ શાસનને સ્થાને તેમને વહીવટી તાલીમ આપી સક્ષમ બનાવવામાં આવશે, જેથી તેઓ સ્વનિર્ભય રીતે નેતૃત્વ કરી શકે. ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓની કામગીરીને વિશેષ પ્રાધાન્ય આપી, ગ્રામીણથી જિલ્લા સ્તર સુધી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મહિલાઓને ‘ઈન્દિરા ગાંધી મહિલા સશકિતકરણ એવોર્ડ’થી સન્માનિત કરશે, જેથી અન્ય મહિલાઓને પણ પ્રોત્સાહન મળે. ગરીબ પરિવારોની આવાસની સમસ્યાના કાયમી ઉકેલ માટે કોંગ્રેસ પક્ષ કટિબદ્ધછે. અગાઉ તાલુકા પંચાયતના પ્રમુખ હસ્તક રહેલી લેન્ડ કમિટીની સત્તાઓ પુનઃ સ્થાપિત કરવામાં આવશે અને દર ત્રણ મહિને નિયમિત બેઠકો યોજી પ્લોટ ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે. જે ગામોમાં સરકારી કે નીમ થયેલી જમીન ઉપલબ્ધ નથી, ત્યાં જરૂર પડે ખાનગી જમીન સંપાદિત (Acquire) કરીને પણ દરેક જરૂરિયાતમંદ ગરીબ પરિવારને આવાસ માટે પ્લોટ અને મકાન મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે.ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં યુવાનોને રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે યોગ્ય તક મળે તે માટે દરેક તાલુકામાં આધુનિક Sports Complex ઉભું કરવું અને તેનો સીધો વહીવટ તાલુકા તથા જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવે તે કોંગ્રેસ પાર્ટીનું સ્પષ્ટ કમિટમેન્ટ છે. જિલ્લા પંચાયતમાં રમતગમત, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે અલગ સમિતિ બનાવીને સ્થાનિક કલાકારો અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવામાં આવશે. પીવાનું પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત સમસ્યાઓના ઝડપી નિવારણ માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાં વધારો કરી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને વધુ સત્તા આપીને ગામસ્તરે તાત્કાલિક કામગીરી શકય બને તે દિશામાં પગલાં લેવામાં આવશે. ગામડામાંથી વધતું સ્થળ ાંતર અટકાવવા, ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનાવવા અને પંચાયતી રાજ વ્યવસ્થાને ફરીથી સશકત બનાવીને દેશ માટે શ્રેષ્ઠ મોડલ ઉભું કરવાનો કોંગ્રેસનો દઢ સંકલ્પ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષનું ગ્રામિણ ગુજરાત માટે વિઝન ડોકયુમેન્ટ તથા કોંગ્રેસનું કમીટમેન્ટ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશી, મીડિયા કો.કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા હિરેન બેન્કર, ડો. પાર્થિવરાજ કઠવાડીયા, વરિષ્ઠ આગેવાન નવીન ભાવસાર (મામા) અને રજનીકાંત કડ ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા તાલુકામાં 'જન સંપર્ક પ્રવાસ' કરતા જિલ્લા કોંગ્રી પ્રમુખ ધારાસભ્ય પ્રતાપ દુધાત






અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ પ્રતાપ દુધાત ધ્વારા આજે રોજ લીલીયા તાલુકાનાં વિવિધ ગામોમાં 'જન સંપર્ક પ્રવાસ' કરવામાં આવ્યોહતો. આપ્રવાસનોમુખ્યહેતુગ્રામ્ય સ્તરેલોકોનાંપ્રશ્નોસાંભળવાઅનેતેમની સાથેસીધોસંવાદસાધવાનોઅનેસ્થાનિક સ્વરાજનીતાલુકાઅનજિલ્લાપંચાયતની ચૂંટણીમાં પરિવર્તન લાવવા માટે પ્રતાપ દુધાત તેમની ટીમ સાથે સખ્ત મહેનત કરી રહ્યા છે. તારીખ ૨૩/૪/૨૦૨૬ અને ગુરૂવારનાં રોજ આ પ્રવાસનું વિગતવાર કાર્યક્રમ નક્કી કરેલ સ્થળે કાર્યકર્તા મિત્રો સાથે મુલાકાત કરવામાંઆવેલહતી. જેમાં સવારનાં ઈંગોરાળા, બવાડા, બવાડી, ભોરીંગડા, કુતાણા, ખારા, કલ્યાણપર બાદમાં બપોર પછી ભેસાણ, બોડીયા, સનાળિયા, હાથીગઢ, ઢાંગલા, એકલારા, ગુંદરણજનસંપર્કપ્રવાસદરમિયાનકોંગ્રેસનાં અગ્રણીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિતરહ્યાહતા. પ્રતાપદુધાત ધ્વારા તમામ રૂટ પરનાં ગ્રામજનોને સાથ મુલાકાત અને સંવાદ તેમજ દરેક નાગરિકો સાથેરહીપરિવર્તનલાવવાહાકલકરીહતી. ત્યારબાદ જન પ્રવાસનાં અંતે સાવરકુંડલા ખાતે રાત્રીનાં ૮:૩૦ કલાકે વોર્ડ નંબર ૨૯ કલાકે, વોર્ડનંબર ૫ અનેવોર્ડનંબર ૬૯:૩૦ કલાકેતેમનવોર્ડનંબર ૭રાત્રીનાં૧૦કલાકે મીટીંગોયોજવવામાંઆવેલહતી. આમ પ્રતાપ દુધાત અને તેમની ટીમ ધ્વારા લીલીયાતાલુકાનીચૂંટણીપ્રવાસથીઆમ નાગરિકોમાંઉલ્લાસજોવામળીરહ્યોછે.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં બરવાળા બાવીશી ગામ નજીક

પરપ્રાંતિય ખેતમજૂરે વાડી માલિકને લોખંડના પાઈપ અને પથ્થરથી જીવલેણ હુમલો કરી યુવકની કરપીણ હત્યા કરી બાઈક લૂંટી ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકનાં પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

હકીકત એવી છે કે, વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામે રામજી મંદિર પાસે રહેતા અશોકભાઈ રાવતભાઈ વાળા નામનાં ૭૩ વર્ષિય ખેડૂતના દિકરા કર્ણદેવ અશોકભાઈ વાળા નામનાં ૩૬ વર્ષિય યુવકે ગત તા. ૨૨ નાં રોજ રાત્રિના સમયે પોતાના ખેતરે આવી પોતાની વાડીનો મજૂર મધ્યપ્રદેશના વતની આરોપી રવી જેમાભાઈ કરોલીયા ટ્રેકટર ખેતરમાં જેમફાવે તેમ કુદાવી ચલાવતો હોય અને મોબાઈલમાં રીલ બનાવતો હોય. જેથી યુવક કર્ણદેવ વાળાએ આરોપીને કહેલ કે તું આ રીતે ટ્રેકટર ચલાવતો નહી તેમ કહી ઠપકો આપેલ હતો અને બાદમાં કર્ણદેવ વાળા વાડીએથી પોતાના ઘરે મોટર સાયકલ ઉપર જવા નીકળેલ હતા.

આ સમયે પરપ્રાંતિય આરોપી મોટર સાયકલ લઈને જતાં કર્ણદેવ વાળાની પાછળ આવી અને યુવકના માથાના ભાગે લોખંડનો પાઈપનો મરણતોલ ઘા મારી અને રસ્તામાં પછાડી દઈ ગાળો આપી અને કહેલ કે તને તો મારી જ નાખવો છે. તેવી ધમકી આપી અને મરણ જનાર યુવકને માથા ભાગે તેમજ મોઢા પર પથ્થરથી મરણતોલ ઘા મારી લોહી લુહાણ હાલત કરી અને યુવકનું મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીસી–૭૨૨૭ કિંમત રૂપિયા ૨૦ હજારનું બળજબરીથી લૂંટ કરી મોટર સાયકલ સાથે આરોપી નાસી ગયેલ હતો. આ બનાવમાં ઘવાયેલ કર્ણદેવ અશોકભાઈ વાળા નામનાં ૩૬ વર્ષિય યુવકને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજયુ હતું.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સ્થાનિક ચૂંટણીમાં

પરિસ્થિતિને કારણે ઘણા વિસ્તારોમાં કોંગ્રેસે ચૂંટણી પહેલા જ હાર સ્વીકારી લીધી હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

ધારી નગરપાલિકામાં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે, પરંતુ અહીં કોંગ્રેસ મજબૂત ટક્કર આપી શકતી નથી. કુલ ૨૮ બેઠકો સામે ભાજપના ૪ ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે, જયારે બાકીની બેઠકોમાં પણ ભાજપનો જ પ્રભાવ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસે માત્ર ૬ બેઠકોમાં જ ઉમેદવારો ઊભા રાખ્યા છે જેના કારણે બાકીની બેઠકોમાં ભાજપને સરળ જીતની શકયતા છે.

દામનગર નગરપાલિકામાં કોંગ્રેસની સ્થિતિ વધુ ખરાબ છે. અહીં ઘણી બેઠકોમાં કોંગ્રેસને ઉમેદવાર જ મળ્યા નથી. કેટલાક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ભાજપને બિનહરીફ જીત મળી છે. આ સ્થિતિથી દામનગરમાં ભાજપનું શાસન ફરીથી સ્થિર થવાની સંભાવના વધી છે.

અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસે તમામ ૪૪ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા, પરંતુ તેમાંના ૬ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે. જેના કારણે ૩ બેઠકો ભાજપને બિનહરીફ મળી ગઈ છે, જયારે બાકીની બેઠકોમાં પણ કોંગ્રેસ નબળી દેખાઈ રહી છે.

આ ચૂંટણીમાં સીધી ટક્કર કરતાં વધુ તડજોડ અને સમજૂતીની રાજનીતિ જોવા મળી રહી છે. ઘણા વિસ્તારોમાં કોંગ્રેસે ભાજપ સામે મજબૂત લડત આપવાને બદલે મેદાન છોડયું હોય તેવી સ્થિતિ છે. જેના કારણે ભાજપને અનેક બેઠકો પર સીધો લાભ મળ્યો છે.

આ સમગ્ર પરિસ્થિતિને જોતા અમરેલી જિલ્લામાં આ વખતે ભાજપનો પલડો ભારે રહે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે, જયારે કોંગ્રેસ માટે આ ચૂંટણી પડકારરૂપ સાબિત થઈ રહી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૪૦ | ૧૪૨૦ |
| ૨ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૯૦ | ૨૩૫૦ |
| ૫ | તલ કાળા | ૧૫૩૦ | ૪૦૪૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૯૫૫ | ૧૯૫૫ |
| ૭ | બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| ૮ | જુવાર | ૮૩૦ | ૮૩૦ |
| ૯ | ઘઉં બંસી | ૪૧૦ | ૪૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૯૦ | ૫૧૫ |
| ૧૨ | ચણા | ૯૪૦ | ૧૦૬૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૨૫ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૩૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૧૬ | વટાણા | ૭૫૦ | ૭૮૦ |
| ૧૭ | તુવેર | ૮૦૦ | ૧૪૮૦ |
| ૧૮ | કપાસ | ૯૮૦ | ૧૮૯૫ |
| ૧૯ | એરંડા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૨૦ | જીરૂ | ૨૫૦૦ | ૪૦૦૫ |
| ૨૧ | રાયડો | ૧૦૮૦ | ૧૧૧૫ |
| ૨૨ | રાય | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૨૩ | ધાણા | ૨૩૫૦ | ૨૪૫૦ |
| ૨૪ | ધાણી | ૧૮૮૦ | ૨૭૬૫ |
| ૨૫ | મેથી | ૯૫૦ | ૧૧૮૫ |
| ૨૬ | સોયાબીન | ૯૯૦ | ૧૧૬૦ |
| ૨૭ | મરચા લાંબા | ૨૨૦૦ | ૬૦૦૦ |
| ૨૮ | વરીયાળી | ૧૫૩૦ | ૩૦૩૦ |

## અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે 'વિ પુસ્તક દિવસ'ની ઉજવણી




અમરેલી, તા. ૨૩

આજરોજ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે તા. ૨૩ એપ્રિલ–''વિ પુસ્તક દિવસ''ની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમ અન્વયે મદદનીશ પ્રાધ્યાપક ડો. કે.વી. ચૌધરીએ પુસ્તકોનું મહત્વ, પુસ્તકોના વાંચનથી થતા લાભ વિષયક માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. ઉપરાંત ભારતના બંધારણ પુસ્તકની વિશેષતાઓ વિષયક ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ ભારતનું બંધારણ પુસ્તક એ લોકશાહી દેશનો સર્વોચ્ચ કાનૂની દસ્તાવેજ છે. પુસ્તકો માનવ જીવનમાં જ્ઞાન, દર્શન, માર્ગદર્શન, પ્રેરણા પૂરી પાડે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી શહેર કોલેજ લાઈબ્રેરી દ્વારા વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. સાથે વિદ્યાર્થીઓને પુસ્તક વાંચન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજ આચાર્ય ડો. દેશમુખ સહિત સર્વ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા તેમ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં જાનબાઈ દેરડી ગામનાં વૃધ્ધનું

કરીયાણા ગામ પહેલા પુલ પાસે આવતા કોઇ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી હીંમતભાઇ નાનજીભાઇ વણોદિયાને અડફટે લઇ ડાબા પગના ભાગે તથા કમરના ભાગે અને માથાના ભાગે ગંભીર ઇજા ઇજા પહોંચાડી મોત નિપજાવી અજાણ્યો વાહન ચાલક નાસી ગયેલ હતો. આ અંગે સાગર અશોકભાઈ વણોદિયાએ અજાણ્યો વાહન ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૫૦ |
| ૪ | જીરૂ | ૩૭૫૦ | ૪૦૩૦ |
| ૫ | ચણા | ૧૦૩૫ | ૧૦૫૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૭ | ધાણા | ૧૪૧૦ | ૨૬૦૦ |
| ૮ | તુવેર | ૧૨૨૦ | ૧૪૩૦ |
| ૯ | કાળા તલ | ૨૭૮૦ | ૩૦૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૧ | ૧૫૦૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૧૦ | ૧૫૨૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૮૪ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૦૯ |
| ૫ | જીરૂ | ૩૫૫૦ | ૪૦૦૦ |
| ૬ | કપાસ | ૧૪૫૧ | ૧૮૪૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૧૦ | – |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૧૦ | ૧૦૬૫ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૦૮૧ |
| ૧૫ | તુવેર | ૧૩૫૦ | ૧૪૬૧ |
| ૧૬ | એરંડી | ૧૧૮૦ | ૧૨૩૦ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | રાય/રાયડો | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | ધાણા | ૨૨૦૦ | ૨૪૬૦ |

### જિલ્લાની જનતા ભાજપથી પરેશાન હોવાનું જણાવ્યુ

# અમરેલી જિલ્લામાં નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી યોજવી જરૂરી : શાંતિલાલ રાણવા

### ખાતમુહૂર્ત અને લોકાર્પણમાંથી સૌ બહાર નીકળો

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા પંચાયત ૨૧–મોટી કુંકાવાવ સીટના કોંગ્રેસનાં ઉમેદવાર, જિલ્લા દલિત અગ્રણી શાંતિલાલ રાણવાએ જિલ્લાનાં મતદારોને જાહેર અપીલ કરી છે કે છેલ્લા બે મહિનાથી આખા ગુજરાતના જિલ્લે, તાલુકા, ગ્રામ્યસ્તર સુધી નવા કામોના ખાતમુહૂર્ત, પૂર્ણ થયેલ કામોના લોકાર્પણો કર્યા, કરોડો રૂપિયા જનતાની સુખાકારી માટે વાપર્યા તેવો ડોળ અને આંકડાની માયાજાળ, સ્થળોની માયાજાળ, નાણાકીય માયાજાળમાં લોકોને ફસાવીને ખોટા કામોના જસ લેવા ખૂબ પ્રયત્નો કર્યા. પણ આમ જનતા આ વખતે ભરમાઈ નથી હવે જયારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ નાણા, દારૂ, મટન પાર્ટી વિગેરે માટે ચાલું સરકારનાં લોકપ્રતિનિધિઓ, ભાજપનાં કાર્યકરો, આગેવાનો જિલ્લા સ્તરે તથા તાલુકા સ્તરે કયા ગામોમાં, કયા કયા લત્તાઓમાં આવી પાર્ટીઓ કરવી તેના ગહન આયોજનમાં લાગી ગઈ છે. પૈસાની રેલમછેલ, દારૂ, મટન વહેંચીને પણ ચૂંટણી જીતવાની ફિરાકમાં ભાજપ દેખાઈ રહ્યું છે. મતદારોએ મત ન આપવાનું મન બનાવી લીધું છે. આવી લોકશાહી વિરૂધ્ધ પ્રવૃત્તિ ન થાય તે જોવા ચૂંટણીતંત્ર અને પોલીસ પ્રસાશનને વિનંતી કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણીનું

કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૨ (૨) (એન), ૩૭૬ (૩) તથા તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮ તથા ૧૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૫ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આરોપી દ્વારા ભરેલ દંડની રકમ ભોગ બનનારને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે તથા ભોગ બનનારને વળતર પેટે રૂપિયા ૪ લાખ સરકારમાંથી ચૂકવી આપવાની કાર્યવાહી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીએ કરવા પણ જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા એસ.ટી. ડેપોનાં મેનેજર

હાજર રીપોર્ટ આપ્યા વગર મહિલા ડેપો મેનેજર સાથે તોછડી ભાષામાં વાત કરી જતા રહેલ હતાં.

જેથી ડેપો મેનેજરે અમરેલી એસ.ટી. વિભાગીય નિયામક સમક્ષ આરોપી વિરૂધ્ધ ગેરવર્તન કરવાં સબબનો રીપોર્ટ કરતા ગત. કાલ તા.૨૧ના રોજ વિભાગીય પરીવહન અધિકારી ઈન્કવાયરી સબબ નિવેદનો લેવા આવેલ હતાં. જેની જાણ આરોપીને થતા આરોપીને સારૂ નહી થતા આરોપીએ તા.૨૨ના રોજ ડેપોના કલાર્ક સુરેશભાઈ મકવાણાના ફોનમાં ફોન કરી આરોપીએ મહિલા ડેપો મેનેજર તથા સુરેશભાઈ મકવાણાના ફોનમાં જેમફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી તમે મારી વિરૂધ્ધમાં નિવેદન આપેલ છે.જેથી હું તમો બંન્નેને જોઈ લઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ફોનમાં ધમકી આપ્યાની બગસરા પોલીસમાં મહિલા ડેપો મેનેજરે ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે. આ બનાવને લઈ એસ.ટી. વર્તુળમાં ભારે ચકચાર જાગી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૮૦ | ૧૨૪૫ |
| ૨ | ઘઉં | ૩૯૧ | ૪૫૧ |
| ૩ | ચણા | ૧૦૧૬ | ૧૦૫૧ |
| ૪ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૫ | ધાણા | ૨૩૩૦ | ૨૫૬૫ |
| ૬ | તુવેર | ૧૧૨૦ | ૧૩૪૦ |
| ૭ | મેથી | ૯૮૦ | ૧૨૧૦ |
| ૮ | એરંડા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૯ | કલોંજી | ૨૦૦૦ | ૩૨૭૦ |
| ૧૦ | સફેદ ચણા | ૧૩૫૦ | ૧૩૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૫૪ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૪૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૪ | ૪૫૧ |
| ૪ | ચણા | ૯૨૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૯૯૦ | ૨૫૫૧ |
| ૬ | ધાણી | ૨૪૭૦ | ૨૪૭૦ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૯ | મગફળી | ૮૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | રાયડો | ૧૧૦૪ | ૧૧૦૪ |
| ૧૧ | સોયાબીન | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૧૨ | જુવાર | ૩૫૦ | ૩૫૦ |
| ૧૩ | લસણ | ૩૫૦ | ૪૯૫ |
| ૧૪ | શીંગફાડા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૧૫ | ચણા છોલે | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૬ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૭ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભામાં બેકાબુ બનેલ ટ્રક

આ અકસ્માતમાં મંદિરની દીવાલને ભારે નુકસાન થયું છે. અકસ્માતગ્રસ્ત ટ્રકનો નંબર જીજે ૧૬ એયુ ૧૬૦૦ હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી, જેથી મોટી દુર્ઘટના ટળી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં મદદ કરી હતી. અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું લૂંટ સાથે હત્યા કરનાર આરોપીને

મોબાઈલમાં રીલ બનાવતો હોય. જેથી આ કર્ણદેવભાઈએ કહેલ કે તુ આવી રીતે ટ્રેકટર ચલાવતો નહી તેમ કહી ઠપકો આપેલ અને કર્ણદેવભાઈ પોતાનું મોટર સાયકલ લઈ વાડીએથી ઘરે જવા નીકળેલ. આ દરમિયાન જાહેર રસ્તામાં આ રવિ જેમાભાઈ કરોલીયા પાછળ આવી અને કર્ણદેવભાઈના માથાના ભાગે લોખંડના પાઈપનો મરણતોલ ઘા મારી અને રસ્તામાં પછાડી દઈ માથાના ભાગે તેમજ મોઢા પર પથ્થરથી મરણતોલ ઘા મારી લોહી લુહાણ હાલત કરી આ કર્ણદેવભાઈનું મોટર સાયકલની બળજબરીથી લુંટ ચલાવી મોટર સાયકલ સાથે આરોપી રવિ જેમાભાઈ કરોલીયા નાસી ગયેલ.

જે અન્વયે અમરેલી એલસીબી ટીમ દ્વારા હત્યા તથા લુંટનો ગંભીર ગુનાનો ફરાર થયેલ મુળ મધ્યપ્રદેશના વતની આરોપી રવિ જેમાભાઈ કરોલીયાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં લુંટમાં લઈ ગયેલ મોટર સાયકલ સાથે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા વડિયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૭૬ | ૧૭૮૩ |
| ૨ | મગફળી | ૧૩૨૧ | ૧૩૨૧ |
| ૩ | ચણા | ૧૦૦૭ | ૧૦૦૭ |
| ૪ | જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૯૨૧ | ૧૯૨૧ |
| ૬ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૮ | ઘઉં | ૪૪૭ | ૪૪૭ |
| ૯ | એરંડા | ૧૨૦૪ | ૧૨૦૪ |
| ૧૦ | મેથી | ૧૦૫૦ | ૧૦૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૧૧ | ૧૨૧૨ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૧૮ |
| ૩ | તલ કાળા | ૨૮૦૧ | ૩૪૯૨ |
| ૪ | કપાસ | ૧૨૪૦ | ૧૭૭૨ |
| ૫ | બાજરો | ૩૨૬ | ૫૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૭૧ | ૪૭૭ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૯૨૦ |
| ૮ | મકાઈ | ૬૮૦ | ૬૮૦ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૧૦ | ચણા | ૯૬૧ | ૧૧૧૨ |
| ૧૧ | મેથી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | સોયાબીન | ૧૦૬૧ | ૧૧૧૬ |
| ૧૩ | રાય | ૧૦૭૭ | ૧૦૭૭ |

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે સાયબર અવેરનેસ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ ખાતે પ.પુ.સંત ડો. રતિદાદાની પ્રેરક ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે અમરેલી જીલ્લા પોલીસ પરિવાર દ્વારા એસ.પી. સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ, ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ. ગઢવી, ભગીરથભાઈ સહીત યુવરાજભાઈ, શહેનાજબેન, એકતાબેનની હાજરીમાં સાયબર ફ્રોડની સમજુતી અંગે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા થઈ હતી, પૂ. દાદા દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપી આશીર્વચન પાઠવ્યા હતા. પી.આઈ. ગઢવી દ્વારા દીકરીઓને અને બાળકોને ખૂબ જ સરળ અને સમજાય તેવી ભાષામાં સાયબર સુરક્ષા અંગે માહિતી આપી હતી. તેમણે સમજાવ્યું કે આજકાલ ખોટા કોલ, મેસેજ અને લિંક દ્વારા લોકો સાથે ઠગાઈ કરવામાં આવે છે, તેથી સાવચેત રહેવું ખુબ જ જરૂરી છે. ખાસ કરીને ઓટીપી, એટીએમ કાર્ડની માહિતી, પાસવર્ડ જેવી ખાનગી માહિતી કોઈ અજાણ્યા વ્યકિતઓને ક્યારેય ન આપવી તે બાબત પર ભાર મૂકાયો હતો. કોઈ પણ શંકાસ્પદ કોલ, મેસેજ કે ઓનલાઈન ઠગાઈનો ભોગ બને તો તરત જ પોલીસ હેલ્પલાઈન પર સંપર્ક કરવો અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા અમરેલી જિલ્લા પોલીસ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પોલીસ દ્વારા કરવામાં આવતી આવી જાગૃતિ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે અને તેઓને ભવિષ્યમાં સાયબર ગુનાઓથી સુરક્ષિત રહેવામાં મદદરૂપ બને છે. આ કાર્યક્રમમાં સંસ્કૃત શકિત ગુરૂકુળ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ડાયરેક્ટર શીતલબેન મહેતા સહીત સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી

### સ્થાનિક ચૂંટણીનો પ્રચાર અંતિમ તબક્કામાં

## વડિયા ખાતે ભાજપનાં ઉમેદવારની તરફેણમાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાની જાહેર સભા યોજાઈ

### વિશાળ જનમેદની વચ્ચે વિપક્ષ પર કર્યા આકરી પ્રહારો



વડીયા, તા. ૨૩

વડીયાના શિવાજી ચોક ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક નાગરિકોની હાજરી વચ્ચે યોજાયેલી આ સભામાં ઉર્જામંત્રીએ વિકાસના મુદ્દે સરકારના કાર્યનો ઉલ્લેખ કરી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને આડે હાથ લીધા હતા.

સભાને સંબોધતા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર બોલે છે ઓછું અને કામ વધારે કરે છે. તેમણે ઉમેર્યું કે, રાજય અને દેશમાં ભાજપના શાસનમાં વિકાસનો એક નવો અધ્યાય લખાયો છે અને ગુજરાત તથા દેશનો કાયાકલ્પ થયો છે.

વિપક્ષને નિશાન બનાવતા તેઓએ કહ્યું કે, આજે વિપક્ષ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ સચોટ મુદ્દો બચ્યો નથી. તેઓ માત્ર વિરોધ ખાતર વિરોધ કરી રહ્યા છે અને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે કેટલાક "લે ભાગુ તત્વો" હાલ સક્રિય થયા છે અને રાજકીય વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રાજય મંત્રીએ વધુમાં કહ્યું કે, આજે અમુક પાર્ટીના લોકો પોતાના નેતા સાથે બહાર નીકળ્યા હતા, પરંતુ તેમની સાથે માત્ર ૧૭ લોકો જ જોડાયા હતા, તે પણ ઢોલ-નગારા સાથે. આથી સ્પષ્ટ થાય છે કે વિપક્ષનો જનસમર્થન કેટલો નબળો છે.

તેમણે જણાવ્યું કે, અમુક લોકો તેમના પક્ષ સાથે જોડાઈ રહ્યા છે અને આ તમામ હલચલ પર સરકાર અને પાર્ટીની સંપૂર્ણ નજર છે. "અમારા ધ્યાન બહાર એકપણ વસ્તુ નથી," એમ કહી તેમણે કાર્યકરોમાં આત્મવિસ ભરી દીધો હતો.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષી ગઠબંધન પર પ્રહાર કરતા મંત્રીએ જણાવ્યું કે, તેઓ માત્ર સત્તાના ભૂખ્યા છે, જયારે જનતા બધું સમજી રહી છે અને યોગ્ય સમયે યોગ્ય જવાબ આપશે.

સભાના અંતમાં રાજય મંત્રીએ દઢ વિસ વ્યકત કર્યો કે, વિકાસના રથને કોઈ રોકી શકશે નહીં અને ભાજપનો વિજય નિશ્ચિત છે. "બાકીના તમામ લેખાજોખા હું જોઈ લઈશ," એમ કહી તેમણે જીતનો દાવો કર્યો હતો.

આ જનસભાએ વડીયા વિસ્તારમાં રાજકીય ગરમાવો વધાર્યો છે અને આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય હલચલ તેજ બની છે.

### સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવાયો

## જાફરાબાદ બંદર કરોડો રૂપિયાનુ વિદેશી હુંડીયામણ કમાવી આપતુ હોવા છતાં માચ્છીમારોને પુરતી સુવિધા મળતી નથી

### ફિશરીઝ કચેરીમાં અપુરતા કર્મચારીઓ, જેટી સહિતની પારાવાર પરેશાની

અમરેલી, તા. ૨૩

જાફરાબાદ એક ધમધમતું બંદર છે. આ બંદરમાં અંદાજે ૮૦૦થી ૯૦૦ બોટો માછીમારી કરે છે. આ બંદરમાં માછીમારી કરતા લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં છે. આ બંદરમાં (બુમલા) એટલે બોમ્બેડગ માછલીનું મહત્વનું કેન્દ્ર છે. જાફરાબાદમાં ધમધમતો માછીમારી ઉધોગ રાજય અને કેન્દ્ર સરકારને વર્ષે કરોડો રૂપિયાનું હુંડિયામણ કમાવી આપે છે. પરંતુ સાગરખેડૂઓની પાયાની સુવિધાઓ ન હોવાથી અનેક મુશ્કેલીઓ પડી રહી છે. જાફરાબાદની આર્થિક જીવાદોરી સમાન માછીમારી ઉધોગ રાજય અને કેન્દ્ર સરકારને દર વર્ષે કરોડો રૂપિયાનું વિદેશી હુંડિયામણ કમાવી આપે છે. પરંતુ એજ માછીમારી ઉધોગને પાયાની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી અનેક પ્રકારની દૂવીધાઓ ભોગવી રહ્યા છે. જાફરાબાદ બંદરનું સૌથી વધુ કુદરતથી રક્ષાયેલુ બારૂ છે. અરબી સમુદ્રમાંથી અંદરના ભાગમાં જતા લાંબી ક્રીક ખાડીએ જાફરાબાદ બંદરની વિશેષતા છે. આ ક્રીક ખાડી એક વિશાળ સરોવર જેવી દેખાય છે. પરંતુ બંદરની ખાંડી તાઉતે વાવાઝોડા દરમિયાન સાવ બૂરાઇ ગઈ હોવાથી બોટો બહાર દરિયામાંથી માછીમારી કરી કાંઠે આવતા મહામુસીબતે જેટી સુધી પહોંચવા મુશ્કેલી વેઠવી પડતી હોય છે. આ બાબતે ડેઝિંગનો અભાવ જોવા મળી રહ્યો છે. તો તંત્ર દ્વારા માછીમારી સિઝન બંધ હોય ત્યારે ડેઝિંગ કામગીરી ચાલુ કરવામાં આવે બંદર વિસ્તારમાં સાફ સફાઈનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ચારેબાજુ ખદબદતી ગંદકીને લીધે પણ અનેકવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે. સૌથી મહત્વની બાબત કે તંત્ર દ્વારા વિસ્તારમાં અનેક બંદર વિસ્તારોમાં વ્યવસ્થિત સફાઈ થતી ન હોવાને લીધે રોગચાળાનો ભય જોવા મળી રહ્યો છે. અહીં શૌચાલયની સુવિધા પણ ન હોવાને લીધે માછીમારો હેરાન પરેશાન બની જાય છે. એક બાજુ રાજય સરકાર ૧૦૦% શૌચાલય મુકત જિલ્લો હોવાની વાતો કરે છે. પરંતુ બીજી બાજુ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા આપવામાં પણ જવાબદાર તંત્ર બેદરકાર છે. મધદરિયે માછીમારી દરમિયાન સાગરખેડૂઓને નાના મોટા અકસ્માત કે પછી હાર્ટએટેક જેવી ગંભીર બીમારી કે અકસ્માત સર્જાય ત્યારે તેઓને ઈમરજન્સી તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવી પડે છે. પરંતુ સમયસર પ્રાથમિક સારવાર મળતી નહીં હોવાને કારણે તેનાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. આ પ્રકારના અસંખ્ય બનાવો અત્યાર સુધીમાં બની ચૂકયા હોવા છતાં રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સ્પીડ બોટ ઈમરજન્સી મેડિકલ એમ્બ્યુલન્સ આજદિન સુધી ફાળવણી કરવામાં આવી નથી અનેક સુવિધાઓ બંદરને આપવામાં આવી નથી તો બંદરની જે જેટી છે તે જેટી સાવ નાની જેટીના લીધે વારતહેવારે મધદરિયેથી બોટો પરત ફરે ત્યારે મચ્છી ખાલી કરવામાં તેમજ માલસામાન લેવામાં ટુંકી જેટી ના લીધે બોટ માલિકોને નુકશાન ભોગવવું પડી રહ્યું છે. બંદરમાં હાઈ માસ્ટ ટાવર અપૂરતા હોવાથી રાત્રીના સમયે અંધારપટ છવાયેલો રહેતો હોય છે. જાફરાબાદ ખાતે આવેલ જીલ્લા કક્ષાની ફિશરીઝ ઓફિસ આવેલી હોય આ ફિશરીઝ ઓફિસમાં ૨૭નું મહેકમ છે. તેની સામે ફકતને ફકત ૩ જ કર્મચારીઓ આખી ફિશરીઝનું વહીવટી કામગીરી કરી રહ્યા છે. આ કચેરી નીચે આવતા બંદરો જાફરાબાદ તથા નવાબંદર, ચાંચ બંદર, સૈયદ રાજપરા, ધારા બંદર, શિયાળબેટ, વિગેરે બંદરોની કામગીરી થતી હોય છે. પરંતુ મહેકમ ન હોવાથી મહત્વના કાર્ય થતા નથી આ ફિશરીઝ ઓફિસમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમકની પણ જગ્યા ખાલી છે. ફિશરીઝ કર્મચારીઓને અધિકારીઓને રહેવાની સુવિધા મળતી નથી અહીં ફિશરીઝના જુના ક્વાર્ટર સંપૂર્ણ ખંઢેર હાલતમાં હોય બહારથી આવતા કર્મચારીઓને રહેવા માટે મકાનની સુવિધા ન હોવાથી કર્મચારીઓ ઉંચા ભાડા ભરીને રહેવું પડે છે. અત્રે નોંધવું જરૂરી છે કે જાફરાબાદમાં જે જર્જરિત ફિશરીઝ ક્વાર્ટર બાંધકામની તાતી જરૂરિયાત હોય તેમજ જાફરાબાદ બંદરમાં અનેક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી તેમજ જેટી પર ટુંકી હોવાથી અનેક મુશ્કેલીઓ પડી રહી હોય નવી જેટીનું નિર્માણ કરવામાં આવે તથા જે જેટી છે. તે જેટીને જુના બ્રિજ સુધી લંબાવવામાં આવે તેવી સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ સ્તરીય લેખિત રજૂઆત કરવામાં આવી છે.




**વેચવાનું છે-ફાર્મ હાઉસ**

લીલુંછમ્મ આંબાવાળું, ફળદ્રુપ જમીન ધરાવતું તૈયાર ફાર્મ હાઉસ જે ચિતલ-બાબરા હાઈવે રોડથી ૧ કી.મી. અંદર દરેક વાહન જઈ શકે તેવો રોડ

- ૧૬ વીઘા જમીન ફરતી બીમકોલમ ઉપર બેલાવાળી ૬ ફુટની ઊંચાઈવાળી દિવાલ
- ૮૦ ફુટનો પાણીથી ભરપુર કુવો
- ૨૦x૪૦ ફુટનું પાકું મકાન તેમજ ગોડાઉન તથા રસોડું
- પાણીનો ટાંકો (સ્વીમીંગપુલ) તથા ગૌશાળા
- ૬૫૦ ફુટનો બોર (૨૪ કલાક પાણી)
- ૩૦ ફુટ પતરાનો શેડ
- ૨૫ HPનું લાઈટ કનેકશન તથા સાથે મોટું કુદરતી બારેમાસ પાણીથી ભરેલ તળાવ આ ફાર્મ હાઉસ વ્યાજબી ભાવે વેચવાનું છે.

સંપર્ક
અનિલસિંહ જનવાર
મો. ૯૪૨૬૮ ૩૧૨૪૧





# અમરેલી : જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલન્સ ખાતે સમર કેમ્પ યોજાયો



અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ, ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પની શુભ શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. આ સમર કેમ્પમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીનીઓને કસરત-યોગ, જુડો, લીંબુ ચમચી, કોથળા દોડ તેમજ વાદ્ય સંગીત જેવી વિવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

24/7 Emergency Services
GUVNL
• ગોળાના અને ગોઠણનાં (ઘુંટણ), રિપ્લેસમેન્ટનાં સર્જન
• મસલ/સ્નાયુ કાપ્યા વગર આગળ થી થતું ગોળો બદલવાનું રિપ્લેસમેન્ટ ઓપરેશન
• હિપ એ.વી.એન. (ગોળો સુકાઈ જવો)
• હિપ ફેકચર (ગોળો અથવા થાપાનાં ભાગે ફેકચર)
• હિપ આર્થ્રાઈટિસ (ગોળાનાં ભાગે ઘસારો) તથા ઘુંટણ બદલવાનું ઓપરેશન તથા TKR અને THR પછી થયેલ ઈન્ફેકશન/પરૂની સારવાર
ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthopedics, F.I.J.R.
NABH
PM-JAY
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


### ચાલકે સ્ટીયરીંગ પર કાબુ ગુમાવ્યો

# ખાંભામાં બેકાબુ બનેલ ટ્રક મંદિરની દીવાલમાં ઘુસી જતાં અફડાતફડી

### સદ્નસીબે જાનહાની ટળી હતી ગ્રામજનો દોડયા



અમરેલી, તા. ૨૩

ખાંભા નજીક અમરેલી રોડ પર આવેલ પીંગલવીર હનુમાનજી મંદિર પાસે એક ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અમરેલી તરફથી આવતો ટ્રક અચાનક સ્ટેરિંગ ફેલ થવાને કારણે નિયંત્રણ ગુમાવી મંદિરની દીવાલમાં ઘૂસી ગયો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

# લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણીનું અપહરણ કરનાર આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ : ૧૫ હજારનો દંડ

### ભોગ બનનારને વળતરપેટે રૂપિયા ૪ લાખ ચુકવવા આદેશ

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની તરૂણીને સાડા પાંચ વર્ષ પહેલાં લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતો એક શખ્સ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે તેણીનાં પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હોય. આ અંગે તરૂણીના પિતાએ જે તે સમયે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. આ અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫ હજાર દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની તરૂણીને ગત તા. ૨૬/૯/૨૦૨૦ના રોજ સવારના આશરે સાતેક વાગ્યે લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતો આરોપી સુરેશભાઈ છગનભાઈ રવોલીયા નામનો શખ્સ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે તેણીનાં પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હોય. આ અંગે તરૂણીના પિતાએ જે તે સમયે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલ તથા પુરાવાને કોર્ટે માન્ય રાખી આરોપી સુરેશભાઈ છગનભાઈ રવોલીયાને ભારતીય દંડ સંહિતાની

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨૧ એપ્રિલનાં રોજ બનાવ બનેલ

# લાઠીનાં જાનબાઈ દેરડી ગામનાં વૃધ્ધનું બાબરાનાં કરિયાણા નજીક વાહન હડફેટે આવી જવાથી મોત

### મૃતકનાં પૌત્રએ અજાણ્યા વાહનચાલક સામે ગુન્હો નોંધાવ્યો

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતાં સાગરભાઈ અશોકભાઈ વણોદિયાના દાદા હીંમતભાઈ નાનજીભાઈ વણોદિયા ગત તા.૨૧ના રોજ દેરડી ગામથી બાબરા તાલુકાના જામબરવાળા ગામે તેમની દિકરીના દિકરાના લગ્નમા ગયેલ હતા. અને કોઈ કારણથી જામબરવાળા ગામેથી તેઓ કીડી ગામે ગયેલ હોય અને ત્યાંથી આશરે રાત્રીના નવેક વાગ્યે કરીયાણા ગામેથી ચાલીને જતા હતા. તે દરમ્યાન તેઓ બાબરા તાલુકાના

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એકસરે કિલનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી
ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૬૬૧



સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335



જીતશે કોંગ્રેસ, જીતશે અમરેલી
૫ વર્ષ, ૨૫ સપના, કોંગ્રેસનો જન વિજય સંકલ્પ
@ મિશન_અમરવેલી_2026
"અમરવેલીની આવતીકાલ"
• કામનાથ સરોવર બ્યુટીફીકેશન પ્રોજેકટ
• રોકડીયા તળાવ બ્યુટીફીકેશન પ્રોજેકટ
• ઠેબી ડેમ સાઈટ બ્યુટીફીકેશન પ્રોજેકટ
• આધુનિક ઈ-લાઈબ્રેરીની સ્થાપના
• પ્રદુષણ મુકત ગ્રીન અમરવેલીનો સંકલ્પ
• વડી-ઠેબી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ
• દરેક વોર્ડ વાઈઝ ફ્રિ વાઈફાઈ ઝોન
• ટ્રાફિક ટેરરીઝમથી મુક્તિનો સંકલ્પ
• રાહતદરે શ્રમયોગી અન્નપૂર્ણા યોજના
• દરેક ઘરે હરરોજ અને સ્વચ્છ પિવાનું પાણી
• ભુગર્ભ ગટરની નિયમિત સફાઈનું અભિયાન
• મુખ્ય બજારમાં દરેક ૫૦૦ મીટરે ગ્રીન ટોઈલેટ
• દરેક ગલીએ અંધારૂ ઉલેચીને સ્ટ્રીટ લાઈટની સુવિધા
• સરકારી યોજનાઓને ઘર ઘર સુધી પહોંચાડવાનું અભિયાન
• મુખ્ય બજારમાં મહિલાઓ માટે સ્પેશિયલ પિન્ક ટોઈલેટ
• ઈ ઓટો અને પિન્ક ઓટોને પ્રોત્સાહન સહાય યોજના
• વિશ્વકર્મા માર્ગદર્શન અને સહાયતા કેન્દ્રનું આધુનિકરણ
• દરેક વોર્ડ વાઈઝ કોમન પ્લોટ ડેવલપમેન્ટ પ્રોજેકટ
• દરેક વોર્ડ વાઈઝ ધર્મ સ્થાન બ્યુટીફીકેશન પ્રોજેકટ
• નગર પ્રાથમીક શિક્ષણ સંસ્થાઓનું આધુનિકરણ
• ઘરે ઘરેથી કચરાનો કાયમી અને નિયમિત નિકાલ
• સ્થાનિક કરવેરામાં રાહત અને માફી યોજના
• સ્થાનિક પ્રશ્નોના નિકાલ માટે વોર્ડ દીઠ લોકસેવા કેન્દ્રની સ્થાપના
• રખડતા ભટકતાં પશુઓ ઉપર નિયંત્રણ અને નિભાવણી યોજના
*રૂા. ૧૦૦નુ સોનેરી સોગંદનામુ, કાર્યકર બનીને રહીશું, કોન્ટ્રાકટર નહી
સત્તાની નહી, સ્વાર્થની નહી, આ લડાઈ છે, જન સ્વાભિમાનની
ના કોઈને નડીશુ, તમારા માટે લડીશું, સૌના કામ કર્યા, સૌના કામ કરીશું
અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)